Tuesday
24.01.2023
વિશ્વાસથી વિકાસ યાત્રા
✳Volume :7 ✳ Issue No.175
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

**પ્રધાનમંત્રીએ આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહના ૨૧ સૌથી મોટા અનામી ટાપુઓનાં નામ ૨૧ પરમવીર ચક્ર વિજેતાઓનાં નામ પરથી આપવાના સમારંભમાં ભાગ લીધો**

**"આ દિવસને આઝાદી કા અમૃત કાલના એક મહત્વપૂર્ણ અધ્યાય તરીકે ભાવિ પેઢીઓ દ્વારા યાદ કરવામાં આવશે"**

**"આજે પણ સેલ્યુલર જેલની કોટડીઓમાંથી અપાર પીડાની સાથે અભૂતપૂર્વ જુસ્સાના અવાજો સંભળાય છે"**

# આપણી લોકતાંત્રિક સંસ્થાઓ અને કર્તવ્ય પથની સામે નેતાજીની ભવ્ય પ્રતિમા આપણને આપણાં કર્તવ્યોની યાદ અપાવે છે:પ્રધાનમંત્રી

## "જ્યારે ઇતિહાસ રચાય છે, ત્યારે ભાવિ પેઢીઓ ફક્ત તેને યાદ કરે છે, આકારણી કરે છે અને તેનું મૂલ્યાંકન કરે છે, એટલું જ નહીં પરંતુ તેમાંથી સતત પ્રેરણા પણ મેળવે છે"




- **"બંગાળથી લઈને દિલ્હી અને આંદામાન સુધી દેશનો દરેક ભાગ નેતાજીના વારસાને સલામ કરે છે અને તેમની કદર કરે છે"**
- **"જે રીતે સમુદ્ર વિવિધ ટાપુઓને જોડે છે, તેવી જ રીતે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવના ભારતમાતાનાં દરેક સંતાનને એકતાંતણે બાંધે છે"**
- **"હવે લોકો ઇતિહાસને જાણવા અને જીવવા માટે આંદામાન અને નિકોબાર ટાપુઓ પર આવી રહ્યા છે"**

## "દેશની એ ફરજ છે કે જે સૈનિકોએ પોતાને રાષ્ટ્રીય રક્ષા માટે સમર્પિત કર્યા છે તેમને સેનાનાં યોગદાનની સાથે વ્યાપકપણે સ્વીકૃતિ મળવી જોઈએ"

કમલમ્ ન્યુઝ,

પરાક્રમ દિવસ પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કૉન્ફરન્સિંગ મારફતે આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહના ૨૧ સૌથી મોટા અનામી ટાપુઓને ૨૧ પરમવીર ચક્ર વિજેતાઓનાં નામ આપવા માટે આયોજિત એક સમારંભમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીએ નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વીપ પર નિર્માણ પામનારાં નેતાજીને સમર્પિત રાષ્ટ્રીય સ્મારકના માંડલનું અનાવરણ પણ કર્યું હતું. અહીં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ સૌને પરાક્રમ દિવસના અવસર પર શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે, નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિના પ્રસંગે દેશભરમાં આ પ્રેરક દિવસની ઉજવણી કરવામાં આવે છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, આજનો દિવસ આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહો માટે ઐતિહાસિક છે અને કહ્યું હતું કે, "જ્યારે ઇતિહાસ રચાય છે, ત્યારે ભવિષ્યની પેઢીઓ તેને માત્ર યાદ કરે છે, તેની આકારણી કરે છે અને તેનું મૂલ્યાંકન કરે છે, એટલું જ નહીં પણ સાથે-સાથે તેમાંથી સતત પ્રેરણા પણ મેળવે છે." પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહના ૨૧ ટાપુઓનાં નામકરણ સમારંભ આજે યોજાઈ રહ્યો છે અને હવે તેમને ૨૧ પરમવીર ચક્ર વિજેતાઓનાં નામ નજીક ઓળખવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, નેતાજી સુભાષચંદ્ર બોઝના જીવનનાં સન્માનમાં, તેઓ જે ટાપુ પર રોકાયા હતા ત્યાં એક નવા સ્મારકનો શિલાન્યાસ થઈ રહ્યો છે. તેમણે નોંધ્યું હતું કે, આ દિવસને આઝાદી કા અમૃત કાલના મહત્ત્વપૂર્ણ અધ્યાય તરીકે ભવિષ્યની પેઢીઓ યાદ રાખશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, નેતાજીનું સ્મારક અને નવાં નામ ધરાવતા ૨૧ ટાપુઓ યુવા પેઢી માટે સતત પ્રેરણાનો સ્રોત બની રહેશે. આંદામાન અને નિકોબાર ટાપુઓના ઇતિહાસ પર પ્રકાશ ફેંકતા પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, અહીં સૌ પ્રથમ વખત તિરંગો ફરકાવવામાં આવ્યો હતો અને ભારતની પ્રથમ સ્વતંત્ર સરકારની રચના થઈ હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વીર સાવરકર અને તેમના જેવા અન્ય અનેક વીરોએ આ જ ભૂમિ પર દેશ માટે તપસ્યા અને બલિદાનનાં શિખરને સ્પર્શ કર્યો હતો. તેમણે કહ્યું, "ભારે પીડાની સાથે તે અભૂતપૂર્વ જુસ્સાના અવાજો આજે પણ સેલ્યુલર જેલની કોટડીઓમાંથી સંભળાય છે." પ્રધાનમંત્રીએ સંતાપ વ્યક્ત કર્યો હતો કે, આંદામાનની ઓળખ સ્વતંત્રતા સંગ્રામની યાદોને બદલે ગુલામીનાં પ્રતીકો સાથે સંકળાયેલી રહી અને તેમણે કહ્યું હતું કે, "આપણાં ટાપુઓનાં નામોમાં પણ ગુલામીની છાપ રહી હતી." પ્રધાનમંત્રીએ ચાર-પાંચ વર્ષ અગાઉ ત્રણ મુખ્ય ટાપુઓનાં નામ બદલવા માટે પોર્ટ બ્લેરની તેમની મુલાકાતને યાદ કરી હતી અને માહિતી આપી હતી કે, "આજે રોસ ટાપુ નેતાજી સુભાષચંદ્ર બોઝ ટાપુ બની ગયો છે, હેવલોક અને નીલ ટાપુઓ સ્વરાજ અને શહીદ ટાપુ બની ગયા છે." તેમણે નોંધ્યું હતું કે, સ્વરાજ અને શહીદનાં નામ નેતાજીએ પોતે આપ્યાં હતાં, પણ આઝાદી પછી પણ તેમને કોઈ મહત્ત્વ આપવામાં આવ્યું નહોતું. પ્રધાનમંત્રીએ કહ્યું, "જ્યારે આઝાદ હિંદ ફૌજ સરકારે ૩૫ વર્ષ પૂર્ણ કર્યાં, ત્યારે અમારી સરકારે આ નામો ફરીથી સ્થાપિત કર્યાં." પ્રધાનમંત્રીએ અવલોકન કર્યું હતું કે ભારતની ૨૧મી સદી એ જ નેતાજીને યાદ કરે છે, જે ભારતની આઝાદી પછી એક સમયે ઇતિહાસનાં પાનાંઓમાં ખોવાઈ ગયા હતા. તેમણે ઉજાગર કર્યું કે આસમાનને આંબતો ભારતીય ધ્વજ, જે આજે એ જ સ્થળે ફરકાવવામાં આવેલ છે, જ્યાં નેતાજીએ આંદામાનમાં સૌ પ્રથમ વાર તિરંગો ફરકાવ્યો હતો અને ટિપ્પણી કરી હતી કે, આ ધ્વજ તમામ દેશવાસીઓનાં હૃદયને દેશભક્તિથી ભરી દે છે, જેઓ આ સ્થળની મુલાકાત લે છે. તેમણે નોંધ્યું હતું કે, તેમની યાદમાં જે નવું સંગ્રહાલય અને સ્મારક બનવા જઈ રહ્યું છે, તે આંદામાનની યાત્રાને વધારે યાદગાર બનાવશે. પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૧૮માં દિલ્હીના લાલ કિલ્લા પર જેનું ઉદ્ઘાટન થયું હતું એ નેતાજી મ્યુઝિયમ વિશે પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું હતું કે, આ સ્થળ લોકો માટે પ્રેરણાનો સ્રોત બની ગયું છે. તેમણે બંગાળમાં તેમની ૧૨૫મી જન્મજયંતિ અને પરાક્રમ દિવસ તરીકે જાહેર થવાના દિવસે યોજાયેલા વિશેષ કાર્યક્રમોની પણ નોંધ લીધી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "બંગાળથી લઈને દિલ્હી અને આંદામાન સુધી દેશનો દરેક ભાગ નેતાજીના વારસાને સલામ કરે છે અને તેમની કદર કરે છે." પ્રધાનમંત્રીએ નેતાજી સુભાષચંદ્ર બોઝ સાથે સંબંધિત કાર્યો પર પ્રકાશ પાડ્યો હતો, જે આઝાદી પછી તરત જ થવાં જોઈતાં હતાં અને તેમણે જાણકારી આપી હતી કે, છેલ્લાં ૮-૯ વર્ષમાં આ ક્રમગીરી હાથ ધરવામાં આવી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સ્વતંત્ર ભારતની પ્રથમ સરકાર ૧૯૪૩માં દેશનાં આ ભાગમાં બની હતી અને દેશ તેને વધારે ગર્વ સાથે સ્વીકારી રહ્યો છે. તેમણે નોંધ્યું હતું કે, આઝાદ હિંદ સરકારની રચનાનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાં પર દેશે લાલ કિલ્લા પર ધ્વજ ફરકાવીને નેતાજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે નેતાજીનાં જીવન સાથે સંબંધિત ફાઈલોને સાર્વજનિક કરવાની માગ દાયકાઓ સુધી હતી અને નોંધ્યું હતું કે, આ કામ સંપૂર્ણ નિષ્ઠા સાથે કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આજે આપણી લોકતાંત્રિક સંસ્થાઓ અને કર્તવ્ય પથની સામે નેતાજીની ભવ્ય પ્રતિમા આપણને આપણાં કર્તવ્યોની યાદ અપાવે છે." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, જે દેશોએ તેમનાં નિકટવર્તી વ્યક્તિત્વો અને સ્વાતંત્ર્ય સેનાનીઓને ઉચિત સમયે લોકો સાથે જોડ્યાં છે તથા સક્ષમ આદર્શોનું સર્જન કર્યું છે અને વહેંચ્યાં છે, તેઓ જ વિકાસ અને રાષ્ટ્રનિર્માણની દોડમાં ઘણા આગળ વધ્યા છે, પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત આઝાદી કા અમૃત કાલમાં આ જ પ્રકારનાં પગલાં લઈ રહ્યું છે. ૨૧ ટાપુઓનાં નામકરણ કરવા પાછળ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો અનોખો સંદેશ ઉજાગર કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ દેશ માટે કરવામાં આવેલા બલિદાનોની અમરતા તથા ભારતીય સૈન્યની વીરતા અને શૌર્યનો સંદેશ છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ૨૧ પરમવીર ચક્ર વિજેતાઓએ ભારત માતાની સુરક્ષા માટે સર્વસ્વ બલિદાન આપ્યું હતું. તેમણે નોંધ્યું હતું કે, ભારતીય સેનાનાં બહાદુર સૈનિકો વિવિધ રાજ્યોમાંથી આવ્યાં છે, તેઓ વિવિધ ભાષાઓ અને બોલીઓ બોલતા હતાં અને વિવિધ જીવનશૈલી જીવતાં હતાં, પણ મા ભારતીની સેવા અને માતૃભૂમિ પ્રત્યેની અતૂટ ભક્તિએ જ તેમને એકતાંતણે બાંધી રાખ્યાં હતાં. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "જેમ સમુદ્ર વિવિધ ટાપુઓને જોડે છે, તેવી જ રીતે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવના ભારતમાતાનાં દરેક સંતાનને એકતાંતણે બાંધે છે." પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "મેજર સોમનાથ શર્મા, પીરુ સિંહ, મેજર શૈતાન સિંહથી માંડીને કૅપ્ટન મનોજ પાંડે, સૂબેદાર જોગિન્દર સિંહ અને લાન્સ નાયક આલ્બર્ટ એક્કા, વીર અબ્દુલ હમીદ અને મેજર રામાસ્વામી પરમેશ્વરનથી માંડીને તમામ ૨૧ પરમવીર સુધી, દરેકનો એક જ સંકલ્પ હતો - નેશન ફર્સ્ટ! ઇન્ડિયા ફર્સ્ટ! આ દ્વીપોનાં નામે હવે આ સંકલ્પ કાયમ માટે અમર થઈ ગયો છે. આંદામાનમાં એક ટેકરી પણ કારગિલ યુદ્ધના કૅપ્ટન વિક્રમ બત્રાનાં નામે સમર્પિત કરવામાં આવી રહી છે." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આંદામાન અને નિકોબાર ટાપુઓનું નામકરણ માત્ર પરમવીર ચક્ર વિજેતાઓને જ નહીં, પણ ભારતીય સશસ્ત્ર દળોને પણ સમર્પિત છે.

આપણી સેનાને આઝાદીના સમયથી જ યુદ્ધોનો સામનો કરવો પડ્યો હતો એ બાબતને યાદ કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આપણાં સશસ્ત્ર દળોએ તમામ મોરચે પોતાની બહાદુરી સાબિત કરી છે. પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, "આ દેશની ફરજ છે કે, જે સૈનિકો આ રાષ્ટ્રીય સંરક્ષણ કામગીરી માટે પોતાની જાતને સમર્પિત કરે છે, તેમને સૈન્યનાં યોગદાનની સાથે વ્યાપકપણે સ્વીકૃતિ મળવી જોઈએ." પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, "આજે દેશ આ જવાબદારી અદા કરી રહ્યો છે અને સૈનિકો અને સેનાઓનાં નામે તેને માન્યતા આપવામાં આવી રહી છે." પ્રધાનમંત્રીએ આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહોની સંભવિતતા પર પ્રકાશ ફેંકતા કહ્યું હતું કે, આ જળ, પ્રકૃતિ, પર્યાવરણ, પ્રયાસ, પરાક્રમ, પરંપરા, પ્રવાસન, પ્રભુતા અને પ્રેરણાની ભૂમિ છે તથા તેમણે સંભવિતતાને ઓળખવા માટે અને તકોને ઓળખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ છેલ્લાં ૮ વર્ષમાં થયેલી કામગીરી પર પ્રકાશ પાડ્યો હતો અને જાણકારી આપી હતી કે, વર્ષ ૨૦૧૪ની સરખામણીમાં વર્ષ ૨૦૨૨માં આંદામાનની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યા બમણી થઈ ગઈ છે. તેમણે રોજગારીમાં વૃદ્ધિ અને પ્રવાસનને લગતી આવકની નોંધ પણ લીધી હતી. પ્રધાનમંત્રીએ એ હકીકત તરફ ધ્યાન દોર્યું હતું કે, આંદામાન સાથે સંબંધિત સ્વતંત્રતાના ઇતિહાસ વિશે જિજ્ઞાસા પણ વધી રહી હોવાથી આ સ્થળની ઓળખમાં પણ વિવિધતા આવી રહી છે. તેમણે કહ્યું હતું કે, "હવે લોકો ઇતિહાસને જાણવા અને જીવવા માટે પણ અહીં આવી રહ્યા છે." તેમણે આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહની સમૃદ્ધ આદિવાસી પરંપરાની નોંધ પણ લીધી હતી અને કહ્યું હતું કે, નેતાજી સુભાષચંદ્ર બોઝ સાથે સંબંધિત સ્મારક અને સૈન્યની બહાદુરીનું સન્માન કરવાથી ભારતીયોમાં મુલાકાત લેવાની નવી આતુરતા પેદા થશે. પ્રધાનમંત્રીએ દાયકાઓની લઘુતાગ્રંથિ અને આત્મવિશ્વાસના અભાવને કારણે, ખાસ કરીને વિકૃત વૈચારિક કારણોને કારણે દેશની સંભવિતતાને ઓળખવામાં અગાઉની સરકારના પ્રયાસો પર દુઃખ વ્યક્ત કર્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આપણાં હિમાલયનાં રાજ્યો, ખાસ કરીને ઉત્તરપૂર્વનાં રાજ્યો હોય કે આંદામાન અને નિકોબાર જેવા દરિયાઈ ટાપુ વિસ્તારો હોય, આ પ્રકારના વિસ્તારોના વિકાસની દાયકાઓ સુધી ઉપેક્ષા કરવામાં આવી છે, કારણ કે આ વિસ્તારોને દૂરનાં, દુર્ગમ અને અપ્રસ્તુત વિસ્તારો ગણવામાં આવ્યા હતા." તેમણે એમ પણ નિરીક્ષણ કર્યું હતું કે ભારતમાં ટાપુઓ અને ટાપુઓની સંખ્યાનો હિસાબ જાળવવામાં આવ્યો નથી. સિંગાપોર, માલદિવ્સ અને સેશેલ્સ જેવા વિકસિત ટાપુ રાષ્ટ્રોનું ઉદાહરણ ટાંકીને પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, આ દેશોનો ભૌગોલિક વિસ્તાર આંદામાન અને નિકોબાર કરતાં ઓછો છે, પણ તેઓ તેમનાં સંસાધનોનો યોગ્ય ઉપયોગ કરીને નવી ઊંચાઈએ પહોંચ્યા છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતનાં ટાપુઓમાં પણ આવી જ ક્ષમતા છે અને દેશ આ દિશામાં આગળ વધી રહ્યો છે. પ્રધાનમંત્રીએ 'સબમરીન ઓપ્ટિકલ ફાઇબર'મારફતે આંદામાનને ઝડપી ઇન્ટરનેટ સાથે જોડવાનું ઉદાહરણ આપ્યું હતું, જે ડિજિટલ પેમેન્ટ અને અન્ય જટિલ સેવાઓને પ્રોત્સાહન આપે છે અને પ્રવાસીઓને લાભ આપે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "હવે દેશમાં દુરંદરી સંતુલન અને આધુનિક સંસાધનોને એકસાથે આગળ વધારવામાં આવી રહ્યાં છે." આઝાદીની લડતને નવી દિશા આપનાર ભૂતકાળના આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહની સરખામણી કરવા સાથે પ્રધાનમંત્રીએ તેમનાં સંબોધનનું સમાપન કરતાં જણાવ્યું હતું કે, આ વિસ્તાર ભવિષ્યમાં દેશના વિકાસને પણ નવી ગતિ આપશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "મને વિશ્વાસ છે કે, આપણે એવા ભારતનું નિર્માણ કરીશું કે જે સક્ષમ હોય અને આધુનિક વિકાસની ઊંચાઈઓ સર કરી શકે." આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ અને આંદામાન અને નિકોબાર ટાપુઓનાં લેફ્ટનન્ટ ગવર્નર એડમિરલ ડી કે જોશી, ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહનાં ઐતિહાસિક મહત્વને ધ્યાનમાં રાખીને અને નેતાજી સુભાષચંદ્ર બોઝની સ્મૃતિનું સન્માન કરવા માટે પ્રધાનમંત્રી દ્વારા વર્ષ ૨૦૧૮માં આ ટાપુની તેમની મુલાકાત દરમિયાન રોસ દ્વીપ સમૂહનું નામ નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વીપ રાખ્યું હતું. નીલ આઈલેન્ડ અને હેવલોક આઈલેન્ડનું નામ પણ શહીદ દ્વિપ અને સ્વરાજ દ્વિપ રાખવામાં આવ્યું હતું. દેશના વાસ્તવિક જીવનના નાયકોને આદર આપવો એને પ્રધાનમંત્રી દ્વારા હંમેશા સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. આ ભાવનાને આગળ વધારતા હવે દ્વીપ સમૂહના ૨૧ સૌથી મોટા અનામી દ્વીપોનાં નામ ૨૧ પરમવીર ચક્ર વિજેતાઓનાં નામ પર રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સૌથી મોટા અનામી ટાપુનું નામ પ્રથમ પરમ વીર ચક્ર પુરસ્કારથી સન્માનિતનાં નામથી, બીજા સૌથી મોટા અનામી ટાપુનું નામ બીજા પરમવીર ચક્ર પુરસ્કારથી સન્માનિતનાં નામથી કરવામાં આવશે, અને એ રીતે. આ પગલું આપણા નાયકોને એક શાશ્વત શ્રદ્ધાંજલિ હશે, જેમાંના ઘણાએ રાષ્ટ્રની સાર્વભૌમત્વ અને અખંડિતતાની સુરક્ષા માટે અંતિમ બલિદાન આપ્યું હતું. આ ટાપુઓનાં નામ ૨૧ પરમવીર ચક્ર વિજેતાઓનાં નામ પર રાખવામાં આવ્યા છે. મેજર સોમનાથ શર્મા; સૂબેદાર અને ઑનરરી કૅપ્ટન (તત્કાલીન લાન્સ નાયક) કરમ સિંહ, એમ.એમ. બીજા લેફ્ટનન્ટ રામા રાઘોબા રાણે; નાયક જદુનાથ સિંહ; કંપની હવાલદાર મેજર પીરુ સિંહ; કૅપ્ટન જી.એસ.સલારિયા; લેફ્ટનન્ટ કર્નલ (તત્કાલીન મેજર) ધનસિંહ થાપા; સૂબેદાર જોગીન્દર સિંહ; મેજર શૈતાન સિંહ; **CQMH.** અબ્દુલ હમીદ; લેફ્ટનન્ટ કર્નલ અરદેશર બુર્ઝોરજી તારાપોર; લાન્સ નાયક આલ્બર્ટ એક્કા; મેજર હોશિયાર સિંહ; બીજા લેફ્ટનન્ટ અરુણ ખેત્રપાલ; ફ્લાઈંગ ઑફિસર નિર્મલજીત સિંહ સેખોન; મેજર રામાસ્વામી પરમેશ્વરન; નાયબ સૂબેદાર બાના સિંહ; કૅપ્ટન વિક્રમ બત્રા; લેફ્ટનન્ટ મનોજ કુમાર પાંડે; સૂબેદાર મેજર (તે સમયે રાઇફલમેન) સંજય કુમાર; અને સૂબેદાર મેજર રિટાયર્ડ (ઑનરરી કૅપ્ટન) ગ્રેનેડિયર યોગેન્દ્ર સિંહ યાદવ.

## તંત્રી સ્થાનેથી......

વર્ષ ૨૦૨૩ માટે, ઓડિશા સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (OSDMA) અને લુંગલી ફાયર સ્ટેશન (LFS), મિઝોરમ, બંને સંસ્થાકીય કેટેગરીમાં, આપત્તિ વ્યવસ્થાપનમાં તેમના શ્રેષ્ઠ કાર્ય માટે સુભાષ ચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર-૨૦૨૩ માટે પસંદ કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ભારત સરકારે આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે ભારતમાં વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા અમૂલ્ય યોગદાન અને નિઃસ્વાર્થ સેવાને માન્યતા આપવા અને તેનું સન્માન કરવા માટે સુભાષ ચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર તરીકે ઓળખાતા વાર્ષિક પુરસ્કારની સ્થાપના કરી છે. આ પુરસ્કાર દર વર્ષે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જન્મજયંતી ૨૩મી જાન્યુઆરીએ જાહેર કરવામાં આવે છે. આ પુરસ્કાર સંસ્થાના કિસ્સામાં રૂ ૫૧ લાખ રોકડા અને પ્રમાણપત્ર અને વ્યક્તિના કિસ્સામાં રૂ. ૫ લાખ. રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર ધરાવે છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ, દેશે આપત્તિ વ્યવસ્થાપન પદ્ધતિઓ, સજ્જતા, શમન અને પ્રતિભાવ પદ્ધતિમાં નોંધપાત્ર સુધારો કર્યો છે જેના પરિણામે કુદરતી આફતો દરમિયાન જાનહાનિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. વર્ષ-૨૦૨૩ના પુરસ્કાર માટે, ૧લી જુલાઈ, ૨૦૨૨થી નામાંકન મંગાવવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૩ માટેની એવોર્ડ યોજના પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયા દ્વારા વ્યાપક પ્રસિદ્ધિ આપવામાં આવી હતી. એવોર્ડ યોજનાના પ્રતિભાવરૂપે, સંસ્થાઓ અને વ્યક્તિઓ તરફથી ૨૭૪ માન્ય નામાંકન પ્રાપ્ત થયા હતા. આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે ૨૦૨૩ એવોર્ડના વિજેતાઓના ઉત્કૃષ્ટ કાર્યનો સારાંશ નીચે મુજબ છેઃ ઓડિશા સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (OSDMA),ની સ્થાપના ૧૯૯૯માં સુપર સાયક્લોન પછી કરવામાં આવી હતી. OSDMA એ ઓડિશા ડિઝાસ્ટર રિસ્પોન્સ એક્શન ફોર્સ (ODRAF), મલ્ટી-હેઝાર્ડ અર્લી વોર્નિંગ સર્વિસ (MHEWS) ફ્રેમવર્ક, અને "SATARK" નામનું અત્યાધુનિક ટેકનોલોજી-સક્ષમ વેબ/સ્માર્ટફોન-આધારિત પ્લેટફોર્મ સહિત અનેક પહેલો શરૂ કરી છે. ગતિશીલ જોખમ જ્ઞાન પર આધારિત આપત્તિ જોખમ માહિતીનું મૂલ્યાંકન, ટ્રેકિંગ અને ચેતવણી આપવી). OSDMAએ વિવિધ ચક્રવાત, હુદહુદ (૨૦૧૪), ફાની (૨૦૧૯), અમ્ફાન (૨૦૨૦) અને ઓડિશા પૂર (૨૦૨૦) દરમિયાન અસરકારક પ્રતિસાદ આપ્યો હતો. OSDMA એ ૩૮૧ સુનામી ગ્રસ્ત ગામો/વોર્ડો અને દરિયાકાંઠાથી ૧.૫ કિમીની અંદર સ્થિત ૮૭૯ બહુહેતુક ચક્રવાત/પૂર આશ્રયસ્થાનોમાં સામુદાયિક સ્થિતિસ્થાપકતાના નિર્માણ માટે આપત્તિ સજ્જતાની પહેલ હાથ ધરી હતી. લુંગલેઈ ફાયર સ્ટેશન, મિઝોરમ, લુંગલેઈ નગરની આસપાસના નિર્જન જંગલ વિસ્તારોમાં ૨૪ એપ્રિલ ૨૦૨૧ના રોજ લાગેલી વિશાળ જંગલ આગને અસરકારક અને અસરકારક રીતે પ્રતિસાદ આપ્યો અને ૧૦ થી વધુ ગ્રામ પરિષદ વિસ્તારોમાં ફેલાયો. સ્થાનિક નાગરિકોની મદદથી લુંગલી ફાયર સ્ટેશનના કર્મચારીઓએ ૩૨ કલાકથી વધુ સમય સુધી સતત કામ કર્યું જે દરમિયાન તેઓએ રહેવાસીઓને સ્થળ પર જ તાલીમ આપી અને પ્રેરિત કર્યા. આગ બુઝાવવામાં ફાયર અને ઈમરજન્સી સ્ટાફના બહાદુર, જોરદાર અને ત્વરિત પ્રયત્નોને કારણે, જાનમાલનું કોઈ નુકસાન થયું ન હતું અને રાજ્યના અન્ય ભાગોમાં આગ ફેલાતી અટકાવવામાં આવી હતી.

# શ્રીમતી ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતીમાં સભ્યપરીવારનું સ્નેહમિલન, સંગીત સંધ્યા, ભોજન સમારંભ તથા સન્માન સમારોહનું ભવ્ય આયોજન

કમલમ્ ન્યુઝ,

વેપાર–ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી ૬૯ વર્ષ જુની વરિઠ મહાજન સંસ્થા ''રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી'' ના વિશાળ સભ્ય પરીવારનું સ્નેહમિલન, સંગીત સંધ્યા, ભોજન સમારંભ તથા સન્માન સમારોહનું તા.૨૨–૧–૨૦૨૩, રવિવારના રોજ ભવ્ય આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શોભામાં અભિવૃધ્ધિ વધારવા મુખ્યમહેમાન તરીકે ગુજરાત રાજયના માનનીય કેબીનેટ મંત્રીશ્રીમતી ભાનુબેન બારીયા, સંસદ સભ્યશ્રી રામભાઈ મોકરીયા, મેયરશ્રીડો. પ્રદિપભાઈ ડવ, ધારાસભ્યશ્રીમતી ડો. દર્શિતાબેન શાહ, ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ડો. ભરતભાઈ બોઘરા, ગૌસેવા આયોગના પુર્વ ચેરમેનશ્રી વલ્લભભાઈ કથીરીયા, કસ્ટમ્સ એડીશ્નલ કમિશ્નરશ્રી નિષકુમાર ચાવડા, કનકત જોઈન્ટ કમિશ્નરશ્રી રિધેશભાઈ રાવલ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી કે.વી. મોરી, ચેમ્બરના પુર્વ પ્રમુખશ્રીઓ, વિવિધ સમાજના પ્રમુખશ્રીઓ, તેમજ સૌરાષ્ટ્રની ચેમ્બરો અને એસોસીએશનના હોદેદારો તેમજ બહોળી સંખ્યમાં સભ્ય પરીવારો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમના પ્રારંભે રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સર્વે ઉપસ્થિત મહાનુભાવો તથા સભ્ય પરિવારનું હાર્દિક સ્વાગત કરી રાજકોટ ચેમ્બર વેપાર–ઉદ્યોગના પ્રશ્નોને વાચા આપવા માટે હંમેશા કટીબધ્ધ છે. તેમજ આપ સૌના સાથ અને સહકાર થકી અમો સતત કાર્યશીલ છીએ તે બદલ આભાર વ્યકત કરી સહદય સૌનું સ્વાગત

કરેલ. ગુજરાત રાજયના માનનીય કેબીનેટ મંત્રીશ્રીમતી ભાનુબેન બાબરીયાનું રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા અને માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ બુક તથા મોમેન્ટો અર્પીને સન્માન કરેલ તેમજ અન્ય મહાનુભાવોનું પણ બુક તથા મોમેન્ટો અર્પીને સન્માન કરવામાં આવેલ. રાજકોટ ચેમ્બર દ્વારા અત્યાધુનીક અને સંપુર્ણ માહિતી સાથેની નવી એપ્લીકેશન ગુજરાત રાજયના કેબીનેટમંત્રીશ્રીમતી ભાનુબેન બાબરીયા, પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા અન્ય મહાનુભાવોના વરદ હસ્તે લોન્ચીંગ કરવામાં આવેલ. તેમજ વેપાર–ઉદ્યોગ જગતના નામાંકીત ઉદ્યોગકાર અને શેરબજારમાં ટુંકા સમયમાં લીસ્ટ થઈ ખુબ જ સારી માર્કેટ કેપ હાંસલ કરનાર કંપનીઓ મે. રોલેક્ષ રીંગ્સ લીમીટેડ, બોમ્બે સુપર હાઈબ્રીડસ લીમીટેડ અને મારુતી ઈન્ટીરીયર પ્રોડકટસ લીમીટેડનું મોમેન્ટો અર્પી સન્માન કરવામાં આવેલ. પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ ઉદ્બોધન કરતા જણાવેલ કે રાજકોટ ચેમ્બરના સ્નેહમિલન કાર્યક્રમમાં આમંત્રણને માન આપી ઉપસ્થિતી સૌ મહાનુભાવો પ્રત્યે આનંદની લાગણી વ્યકત કરેલ. રાજકોટ ચેમ્બર છેલ્લા ૬૯ વર્ષથી વેપાર–ઉદ્યોગ જગતના વિકાસ માટે કાર્યરત છે. તેમજ તેઓના નાના મોટા પ્રશ્નોને કેન્દ્ર તથા રાજય સરકારમાં રજૂ કરી નિરાકરણ લાવવા માટે હંમેશા અગ્રેસર રહે છે. વેપાર–ઉદ્યોગોના પ્રશ્નો હોય કે રાજકોટના વિકાસને લગતી કોઈપણ જરૂરીયાત હોય તેની રજૂઆત કરી એક બ્રીજ તરીકે કામ કરી રહી છે. જેના ફળસ્વરૂપે રાજકોટ ખાતે નવું ગ્રીન ફીલ્ડ એરપોર્ટ અને એઈમ્સ હોસ્પીટલ પ્રાપ્ત કરેલ છે. સાથો સાથ નવી જીઆઈડીસી, અન્ય રાજયોમાં જવા માટે ૧૩ જેટલી ફલાઈટોની કનેકટીવીટી ઉપરાંત તાજેતરમાં ઉદેપુરની ફલાઈટ રાજકોટ ચેમ્બરની રજૂઆતથી શરૂ થઈ છે. રાજકોટ ચેમ્બર તમામ એસોસીએશનોને સાથે રાખીને કામ કરી રહી છે. કોભ ક્ષેત્રે રાજકોટ અવ્વલ નંબરે રહયું છે. ત્યારે આવનારા દિવસોમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમી વધારવાનું વિઝન છે તેમાં સુર પુરાવી તે વિઝન પુરૂં પાડવા પ્રયાસ કરાશે. સ્વાભાવીક છે કે વિકાસશીલ રાજયમાં પ્રશ્નો વધુ હોય અને સરકાર પાસે વેપાર–ઉદ્યોગની અપેક્ષા વધારે હોય છે ત્યારે રાજકોટ ચેમ્બર દ્વારા સરકારશ્રી સમક્ષ ૨૧ જેટલા વિવિધ પ્રશ્નો ધ્યાને મુકેલ છે. જેનું સત્વરે નિરાકરણ થાય તે માટે રજૂઆત કરાયેલ છે. નકત કાઉન્સીલની મિટીંગ દર ત્રણ મહીને મળતી હોય છે. તો નકત માં નાના મોટી ઘણી વિસંગતતાઓ છે તો તે માટે નકત સંકલન સમીતીની રચના કરવી અને તેમાં રાજયની લીડીંગ ચેમ્બરોને પ્રતિનિધિત્વ આપવું. જેથી કરીને પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવી શકાય. .નઅહીને લગતા ઘણાં પ્રશ્નો છે જેના માટે આગમી ટુંક સમયમાં એક ઓપન હાઉસ યોજી ઉકેલ લાવવા પ્રયાસ કરાશે. સાથો સાથ ટુંક સમયમાં ઔદ્યોગીક એકમોના વિવિધ પેન્ડીંગ પ્રશ્નો અંગે ગુજરાત સરકારના નેજા હેઠળ રાજકોટ ખાતે એક ઓપન હાઉસ યોજીશું તેમ જણાવેલ. રાજય સભાના સંસદસભ્યશ્રી રામભાઈ મોકરીયાએ જણાવેલ કે વેપાર–ઉદ્યોગના પ્રશ્નોનો ઉકેલ લાવવા જે રજુઆતો કરાયેલ છે તે તેમનો હકક છે. ત્યારે જે જે પ્રશ્નો રજુ કરાયેલ છે તેનું યોગ્ય અને સચોટ નિરાકરણ લાવવા માટે ખાત્રી આપેલ છે. સાથો સાથ દેશનો વિકાસ કરવો હોય તો ઉદ્યોગ જગતનો વિકાસ થવો જોઈએ એ માટે અમો સતત પ્રયત્નશીલ રહીશું. કાર્યક્રમના મુખ્ય મહેમાન ગુજરાતરાજયના કેબીનેટ મંત્રીશ્રીમતી ભાનુબેન બાબરીયાએ રાજકોટ ચેમ્બરના સ્નેહમિલન કાર્યક્રમાં હાજરી આપવા આમંત્રણ આપેલ તે બદલ સહદય અભાર વ્યકત કરતા જણાવેલ કે ગુજરાતના વિકાસમાં વેપાર–ઉદ્યોગનો મહત્વનો સિંહ ફાળો રહયો છે. રાજકોટ જેમ એન્જીનીયરીંગનું હબ છે એમ મોરબીનો સીરામીક ઉદ્યોગ અને જેતપુરનો સાડી ઉદ્યોગ દેશભરમાં જાણીતો છે. રાજકોટનો ઔદ્યોગીક વિસ્તાર વિશ્વફલક પર વિસ્તરી રહયું છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસને એક રોલ મૉડેલ બનાવ્યું છે. અને સમગ્ર દેશમાં ગુજરાત રાજય આજે નંબર વન રાજય તરીકે ઉભરી આવ્યું છે. રાજકોટ ચેમ્બરના માધ્યમથી વેપાર–ઉદ્યોગના જે વણઉકેલ પ્રશ્નો છે તેનો ઉકેલ લાવવા પ્રયાસ કરીશું અને રાજકોટના વિકાસ માટે કયારેય પાછી પાની નહી કરાય તેની ખાત્રી આપેલ. કાર્યક્રમના અંતે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહાનુભાવો, સરકારી અધિકારીઓ, સભ્ય પરિવાર, પ્રેસ મિડીયા તથા વિવિધ ચેમ્બરો અને એસોસીએશનોના હોદેદારો હાજરી આપવા બદલ આભારની લાગણી વ્યકત કરેલ. તેમજ તમામ કારોબારી સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અંકલેશ્વર ના અંદાડા ગામના પ્રગતિશીલ ખેડૂતે એપલ બોર નીખેતીકરીવધુ ઉપજમેળવી

**ખેડૂત સતીશ પટેલે એપલ બોર ના ૭૦ પ્લાન્ટ નું વાવેતર કર્યું**

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર તાલુકા ના અંદાડા ગામના પ્રગતિશીલ ખેડૂતો પોતાના ખેતર માં ૭૦ જેટલા એપલ બોર ના છોડ નું વાવેતર કરી નજીવા ખર્ચે વધુ આવક મેળવી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે.હાલ માં તેઓ ના ખેતર માં એપલ બોર નો પાક લહેરાય રહ્યો છે ત્યારે એક નંગ એપલબોર ૧૦૦ ગ્રામ થી વધુ વજન ધરાવે છે અને બજાર માં પણ સારો ભાવ મળી રહેતો હોવાથી ઓછા ખર્ચે વધુ નફો મેળવી રહ્યા છે . અંકલેશ્વર ના અંદાડા ગામે રહેતા ખેડૂત સતિષભાઈ પટેલ પોતાના ખેતર માં પરંપરાગત ખેતી ની સાથે ઓછા ખર્ચ વાળી તેમજ લાંબા ગાળા સુધી ઉપજ આપનારી ખેતી તરફ ડગ માંડ્યાં છે.તેઓ એ પોતાના ખેતર માં ૭૦ જેટલા એપલ બોર ના છોડ નું વાવેતર કર્યું છે ,આ બોર ની ખેતી માં તેઓ એ ખાતર તેમજ દવા નો ઉપયોગ કર્યો નથી માત્ર સમય મુજબ પાણી પીવડાવવા માં આવ્યું છે ,ત્યારે શિયાળા ની ઋતુ ની સાથે બોર ની શરૂઆત થાય છે અને માર્કેટ માં દરેક પ્રકાર ના બોર નું વેચાણ થતું હોય છે ત્યારે



સતિષભાઈ પટેલ ના ખેતર માં હાલ માં બોરડી ના ઝાડ ઉપર એપલ બોર લહેરાય રહ્યા છે , ,ખેતર માં લહેરાતા સ્વાદિષ્ટ એપલ બોર ને તોડવાની શરૂઆત કરી છે .તેઓ બોર તોડી માર્કેટ માં મોકલી રહ્યા છે ત્યાં તેમને પ્રતિ કિલો ૩૦ થી ૫૦ રૂપિયા ભાવ મળી રહ્યો છે .તેઓ એ માવજત કરતા એક એપલ બોર ૧૦૦ ગ્રામ થી વધુ વજન ધરાવે છે .જેથી તેઓ વધુ ઉપજમેળવી રહ્યા છે .તેમણે નજીવા ખર્ચે બનાવેલ એપલ બોર ની ખેતી માં સારી એવી આવક મેળવી રહ્યા છે .સતીશ ભાઈ ની ઓછા ખર્ચ વાળી બોર ની ખેતી ને જોઈ ને અન્ય ખેડૂતો પણ તેઓ ના ખેતર આવી ને એપલ બોર ની ખેતી અંગે માર્ગદર્શન મેળવી રહ્યા છે

# મહેસાણા દ્વારા આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું

કમલમ્ ન્યુઝ,ચેતન પટેલ

મહેસાણા ખાતે મોઢેરા રોડ ઉપર આવેલી જીઆઈડીસીના કોમ્યુનિટી હોલ ખાતે આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત મહેસાણા દ્વારા આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું ગુજરાત સરકાર ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ નિયામકશ્રી આયુષ ની કચેરી ગાંધીનગર દ્વારા સરકારી હોસ્પિટલ ઉંઝા.કડી ખેરવા અને આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત મહેસાણા દ્વારા આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું આ આયુષ મેળામાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રહલાદભાઈ પરમાર . રાજ્ય સભાના સાંસદ જુગલજી ઠાકોર મહેસાણા ધારાસભ્ય મુકેશભાઈ પટેલ આરોગ્ય સમિતિના ચેરમેન અવચળભાઈ ચૌધરી. ડૉ ડી જે શાહ. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હરિભાઈ પટેલ મહેસાણા જિલ્લા આયુર્વેદી અધિકારી પણ હાજર રહ્યા હતા આની શુભ શરૂઆત દિપ પ્રગટાવીને કરવામાં આવી હતી અત્યાર ના આ સમય માં જે હોમિયોપેથીક ચિકિત્સા પદ્ધતિ ટૂંકા સમય ના અને જૂના એવા તમામ પ્રકારના રોગોમાં ખૂબ જ અસરકારક સાબિત થઈ રહ્યું છે હોમિયોપેથી વિજ્ઞાન રોગની નહીં પરંતુ માનવી ના સંપૂર્ણ વ્યક્તિત્વ ની સારવાર કરેછે હોમિયોપેથી એ અણીશુદ્ધ. અત્યાઆધુનિક અને કસોટીમાંથી ખરી ઉતરેલ વૈજ્ઞાનિક ચિકિત્સા પદ્ધતિ છે જેમાં સારવાર કરકસર યુક્ત અને નિર્દોષ છે આયુર્વેદ થી જે ફાયદા ઓ થાય છે અને આપણને તેની કોઈ આડઅસર થતી નથી તેના વિશે તથા આયુર્વેદ એક છેવાડાના ગામડાંઓ સુધી આયુષ ની સેવા પહોંચી શકે તે હેતુથી પ્રજાજનો સુખાયુ અને દીર્ધાયુ થાય તે હેતુથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ નિયામકશ્રી આયુષ ની કચેરી દ્વારા આ આયુષ મેળા નું આયોજન કરવામાં આવ્યું હતું

કમલમ્ ન્યુઝ,સમીર શાહ.વ્યારા.

લોટરવા ગામે મોહનભાઈ કોંકણી દ્વારા શનિવાર બજારનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં લોટરવાના સરપંચ અને ડુંગર ગામના સરપંચ નીતિનભાઈ અને તાપી જિલ્લા પ્રભારી રાકેશભાઈ કાચ વાલા અને ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

માનનીય કેન્દ્રીય મંત્રીશ્રી ડૉ. ભગવત કરાડજીની વિશેષ ઉપસ્થિતિમાં ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પાટણ દ્વારા આયોજીત ખેડુત સંમેલન કાર્યક્રમમાં માનનીય કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબ ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી અને ગુજરાત લોકસભા ઈન્ચાર્જ શ્રી જયંતીભાઈ કવાડીયાજી, પાટણ લોકસભા પ્રભારી શ્રી અશોકભાઈ જોષી, ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી નંદાજી ઠાકોર, જીલ્લા ભાજપ પ્રમુખ શ્રી દસરથજી ઠાકોર, જીલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાનુમતિબેન મકવાણા, પાટણ જીલ્લા મહામંત્રી શ્રી ભાવેશભાઈ પટેલ, પાટણ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી સ્મિતાબેન પટેલ તેમજ આગેવાનો અને ખેડૂતો ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિર મેઘમાયા સંકુલ એ કેન્દ્રીય નાણાં મંત્રી ડો. ભગવત કરાડનુ નગરસેવક રાજેન્દ્ર હિરવાણીયા દ્વારા સન્માન કરાયું.

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય રાજ્ય નાણાંમંત્રીશ્રી ડૉ. ભગવત કરાડ જી ઐતિહાસિક નગરી પાટણની બે દિવસની મુલાકાતે છે તેઓએ આજરોજ વિર મેઘમાયા વિશ્વ મેમોરિયલ ની મુલાકાત લઈ વિર મેઘમાયા ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી આ પ્રસંગે પાટણ નગરપાલિકા ના નગરસેવક રાજેન્દ્ર કે. હિરવાણીયા એ કેન્દ્રીય રાજ્ય નાણાંમંત્રીશ્રી ડૉ. ભગવત કરાડ જીને બુકે અને ખેસ પહેરાવીને સન્માન કર્યું હતું. નગરસેવક રાજેન્દ્ર કે. હિરવાણીયા એ કેન્દ્રીય મંત્રી ડૉ. ભગવત કરાડ સાથે વિર મેઘમાયા વિશ્વ મેમોરિયલ ફાઉન્ડેશન એન્ડ રીસર્ચ સેન્ટર પાટણ ના ચેરમેન અને લોકપ્રિય સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી સાથે ટેલીફોનીક વાત કરાવી હતી. ડૉ. કિરીટભાઈ સોલંકી એ કેન્દ્રીય નાણાં મંત્રી ડૉ. ભગવત કરાડને વિર મેઘમાયા દેવના ઈતિહાસ અંગે તેમજ ભારત સરકાર દ્વારા વિર મેઘમાયાની ટપાલ ટિકિટ બહાર પાડનાર છે અને ગુજરાત ભાજપ રાજ્ય સરકારના માતબર આર્થિક અનુદાન થકી ભવ્ય મંદિર અને સ્મારકનું નિર્માણ થઈ રહેલ છે તે અંગેની ટેલીફોનીક માહિતી આપી અવગત કર્યા હતા.

# અનાવલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ૫૦ વર્ષપૂર્ણ કરી સુવર્ણ જ્યંતિ ઉજવી ૫૧ માવર્ષમાં પ્રવેશ ની ઉજવણી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,મયુરપટેલ

મહુવા તાલુકાના અનાવલ ગામમાં આવેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી ના પ્રમુખ જગુભાઈ આર.પટેલ અને એમની કમિટી દ્વારા ૫૦ માં વર્ષની સુવર્ણ જયંતિ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં મુખ્ય મહેમાન આદિજાતિ મંત્રી કુંવરજીભાઈ હળપતિ સુમુલ ડેરીના પ્રમુખ માનસિંગભાઈ પટેલ રાજેશભાઈ કાંતિલાલ પાઠક સુમુલ ડેરી ઉપપ્રમુખ વસુધારા ડેરીના પ્રમુખશ્રી ગમનભાઈ કીકાભાઈ પટેલ અને એવા ઘણા અતિથિ વિશેષ ગણો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા

આ કાર્યક્રમને આગળ વધારવા પહેલા મુખ્ય મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યો હતો ત્યારબાદ અનાવલ પ્રાથમિક શાળાની બાળાઓએ સ્વાગત ગીત રજૂ કરી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને અનાવલ ડેરીના પ્રમુખ શ્રી જગુભાઈ અનાવલના માજી સરપંચ ઠાકોરભાઈ મહુવા સુગરના ડિરેકટર વિપુલભાઈ તથા ડેરીના કર્મચારીઓ દ્વારા કુંવરજીભાઈ હળપતિ નું હાર પહેરાવી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ સુવર્ણ જયંતિ નાલાભાર્થી પશુપાલક બહેનોને અનાવલ દૂધ ઉત્પાદક મંડળી તરફથી સોનાની બુટ્ટી અર્પણ કરવામાં આવી હતી ત્યારબાદ આ દૂધ મંડળી ની અંદર પ્રમુખશ્રીઓ અને કમિટી સભ્યો આગળથી આ ડેરીને આગળ લાવવા માટે તનતોડ મહેનત કરી રિટાયર થઈ ગયેલા હોય એવા કર્મચારીઓનું સાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ આ કાર્યક્રમના મુખ્ય મહેમાન કુવરજીભાઈ હળપતિએ તમામ જ્ઞાતિના લોકોને અને પશુપાલકોને સુમુલ દાળ માટે માહિતગાર કરવામાં આવ્યા હતા કે બહારથી આવતા સુમુલ દાણ કે પાપડી જેવા પશુ આહારનો ઉપયોગ ન કરવા માટે આહવાન કરવામાં આવ્યું હતું જેથી કરી આપણા પશુઓને કોઈ નુકસાની ન પહોંચે એની જાણકારી આપી હતી અને આ કાર્યક્રમ ને રાષ્ટ્રગીત ગાય પૂર્ણ કરવામાં આવ્યો હતો જેમાં અનાવલ દૂધ ડેરીના કમિટી સભ્યો તુષારભાઈએ સૌનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમમાંહાજર રહેલા તમામ લોકોને સમૂહ ભોજન લેવા માટે આહવાન કરવામાં આવ્યું હતું.

# સરકારી વિજ્ઞાાન કોલેજ, થરાદ ખાતે G20 અંતર્ગત વ્યાખ્યાન યોજાયુ

કમલમ્ ન્યુઝ,

વિશ્વમાં ભારત પુનઃ વિશ્વગુરૂ પદે આરૂઢ થવા જઈ રહ્યુ છે, વિશ્વના તાકાતવાન દેશો ભારતની સર્વોપરિતા સ્વીકારી રહ્યા છે, અને એટલે જ ઈન્ડોનેશિયા ખાતે તાજેતરના G20ના શિખર સંમેલનમાં સર્વાનુમતે આગામી એક વર્ષ માટે ભારતને અધ્યક્ષ પદ સોંપવામાં આવ્યુ. સરકારી વિજ્ઞાન કૉલેજ થરાદ ખાતે G 20 અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં પ્રિ ડો જગદીશ એચ પ્રજાપતિ ઉપરોકત બાબતે પુનરોચ્ચાર કરી જણાવ્યું કે G20નું અધ્યક્ષપદ ભારતને મલ્યુ છે જે બતાવે છે કે વિશ્વ માં ભારતનો ડંકો વાગી રહ્યો છે. તેઓના માર્ગદર્શનમાં ભારત G20 ઈન્ડિયા અંતર્ગત એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં કોલેજના પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. નિહાર નિમ્બાર્કે મુખ્ય વક્તા તરીકે "૮૨૦ અને ભારતના આંતરરાષ્ટ્રીય સંબંધો" વિષય પર વક્તવ્ય રજૂ કર્યુ હતું. તેઓએ પોતાના વ્યાખ્યાનમાં 'G20 શું છે?', G20નો જન્મ, આંતરરાષ્ટ્રીય નાણાકીય સ્થિરતા, જળ-વાયુ પરિવર્તન સુધારા અને ટકાઉ વિકાસ વગેરે જેવા ૮૨૦ના ઉદ્દેશ અને સંકલ્પ વિષે બધાને માહિતગાર કર્યા હતા. આ સાથે તેઓએ ૮૨૦ના સભ્ય દેશો, ૮૨૦ લોગો અને થીમ ૨૦૨૩ - "વસુધૈવ કુટુમ્બકમ" અથવા "એક પૃથ્વી-એક પરિવાર-એક ભવિષ્ય", G20માં ભારતનું યજમાન પદ, ભારતના બીજા G20 સભ્ય દેશો સાથેના સંબધો વગેરે જેવી અનેક બાબતોને પ્રેઝન્ટેશન દ્વારા પોતાના વ્યાખ્યાનમાં ચિત્રો સાથે ખુબજ રસપ્રદ શૈલીમાં વણી લીધી હતી. આ વ્યાખ્યાનથી વિદ્યાર્થીઓના સમૂહ૨૦ વિષેના જ્ઞાનમાં વધારો થયો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના નોડલ ઓફિસર પ્રો. અશોકભાઈ દરજીએ કાર્યક્રમની રૂપરેખા આપી સૌનું સ્વાગત કર્યુ હતું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. કાર્યક્રમને અંતે G20 પ્રોગ્રામના કો-નોડલ ઓફિસર અને મીડિયા સંયોજક પ્રો. દેવેન્દ્રભારતી બી. ગોસ્વામીએ આભારવિધિ પ્રગટ કરી હતી.

આ કાર્યક્રમમાં કોલેજના તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ મિત્રોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા સહકાર આપ્યો હતો.

## માસ્ટર ડીગ્રી તબીબોની ગામડામા પણ મળશે સેવા નેશનલ મેડીકલ કમીશન નો હુકમ

કમલમ્ ન્યુઝ,જામનગર
ભરત ભોંગાયતા

જામનગર સહિત રાજ્યભરમાં સેકંડો મેડિકલ કોલેજ એવી છે જેમાં ભણ્યા પછી અથવા અભ્યાસ દરમિયાન, ડોકટરો સ્થાનિક કક્ષાએ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ફરજ બજાવતા નથી ! જેને પરિણામે ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવા મજબૂત બની શકતી નથી અને ગ્રામ્ય વિસ્તારોના દર્દીઓએ નિદાન માટે પણ છેક જામનગર સુધી ધક્કા ખાવા પડે છે ! આ સ્થિતિ હવે દૂર થશે, એવો સંકેત વહેતો થયો છે. નેશનલ મેડિકલ કમિશને જામનગર મેડિકલ કોલેજ સહિત ગુજરાતની તમામ મેડિકલ કોલેજ (સરકારી અને ખાનગી મેડિકલ કોલેજ) ને એક પરિપત્ર દ્વારા સ્પષ્ટ સૂચના આપી છે કે, મેડિકલ કોલેજના ૨૦૨૧ પછીની બેચના તમામ તબીબોએ ડિસ્ટ્રીક્ટ રેસિડેન્સ પ્રોગ્રામનું ફરજિયાતપણે પાલન કરવાનું રહેશે. આ કઈ નો મતલબ એવો છે કે, જામનગર સહિત રાજ્ય ભર માં મેડિકલ કોલેજમાં અભ્યાસક્રમમાં ભણી રહેલાં તબીબોએ ગ્રામ્ય વિસ્તારોમાં ત્રણ મહિના માટે ફરજિયાત સેવા-ફરજ બજાવવાની રહેશે. આ પ્રશ્ન આમ તો જૂનો છે પરંતુ સરકાર નાં પરિપત્રનો અમલ કરવામાં આવતો ન હતો. તેથી નેશનલ મેડિકલ કમિશને સ્પષ્ટતા સાથે આ પરિપત્ર પાઠવ્યો છે. જામનગર મેડિકલ કોલેજના ડીન ડો નંદીની દેસાઈએ વાતચીતમાં જણાવ્યું છે કે, નેશનલ મેડિકલ કમિશન તરફથી આ સૂચના મળી છે. પરંતુ તેનાં અમલ પૂર્વ રાજ્ય સરકારમાં પત્ર લખવામાં આવ્યો છે. ગાંધીનગરથી અમોને આ પરિપત્ર અનુસંધાને જે માર્ગદર્શન આપવામાં આવશે તે મુજબ જામનગર જિલ્લામાં પણ નેશનલ મેડિકલ કમિશનનાં આ પરિપત્રનો અમલ કરાવવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, આ પરિપત્રનો અમલ શરૂ થતાં જામનગર મેડિકલ કોલેજનાં તબીબો નિવાસી તબીબો તરીકે જામનગર જિલ્લામાં ફરજ બજાવશે. અને તેઓની આ ત્રણ માહિનાની સેવાઓનો લાભ ગ્રામ્ય વિસ્તારોમાં મળશે. કેમ કે, ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા કોમ્યુનિટી હેલ્થ સેન્ટર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પણ આ તબીબોએ નોકરી માટે ફરજિયાત રીતે જવું પડશે. નેશનલ મેડિકલ કમિશનનું આ પગલું દેશભરમાં ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ સુદ્રઢ બનાવશે.

## વડોદરા જિલ્લામાં ગ્રામ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓના અસરકારક અમલ માટે તમામ તાલુકાઓમાં કાર્યશાળાઓ યોજાઈ

કમલમ્ ન્યુઝ,વડોદરા

કમિશનરશ્રી ગ્રામ વિકાસ વિભાગ,ગાંધીનગર દ્વારા તમામ જિલ્લાઓમાં ચાલતી ગ્રામ વિકાસ હેઠળની તમામ યોજનાઓની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.ગ્રામ વિકાસ વિભાગની યોજનાઓના સુચારૂ અમલીકરણ તથા પૂર્વ નિર્ધારિત લક્ષ્યાંક મહત્તમ રીતે સિધ્ધ કરવા તાલુકાના અધિકારીઓ કર્મચારીઓનો ખુબ મોટો ફાળો રહ્યો છે. જે અન્વયે ડભોઇ, ડેસર, કરજણ, પાદરા, સાવલી, શિનોર, વડોદરા અને વાઘોડિયા તાલુકામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળ ચાલતી કેન્દ્ર તથા રાજ્ય સરકારની તમામ યોજનાઓની સમજ ધારાસભ્યશ્રી, યોજનાકીય સ્ટાફ, સ્થાનિક જન પ્રતિનિધિ આગેવાનો,તમામ, સરપંચશ્રી, તલાટી કમ મંત્રી, તાલુકા અને જિલ્લા પંચાયત પ્રમુખ સહિત સભ્યો હાજર રહ્યા હતા.વડોદરા જિલ્લાના તમામ તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી અધિનિયમ, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ), પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ), રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, વોટરશેડ જેવી યોજનાઓની વિસ્તૃત સમજ તથા માર્ગદર્શન તમામ યોજનાકીય આસિસ્ટન્ટ પ્રોગ્રામ ઓફિસર દ્વારા આપવામાં આવી હતી.જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનાં નિયામક શ્રીમતી એમ.એમ.જોશી દ્વારા તમામ યોજનાઓની ગાઈડલાઈન તથા ગરીબ લાભાર્થીને આપવામાં આવતી સહાય વિષે વિસ્તૃત સમજ આપી હતી. યોજનાઓમાં ચાલતા પ્રશ્નોનું નિરાકરણ તથા યોજનાને લગત પ્રશ્ન તથા પ્રતિભાવોની જાણ પરગ્રામ વિકાસ વિભાગની કચેરીને કરવા માર્ગદર્શન આપ્યું હતું.

## પ્રધાનમંત્રીએ નેતાજી સુભાષ ચંદ્ર બોઝના જીવનના વિવિધ પાસાઓ અને તેમની પાસેથી આપણે શું શીખી શકીએ તેની ચર્ચા કરી

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વહેલી સવારે સંસદના સેન્ટ્રલ હોલમાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝના સન્માન સમારોહમાં ભાગ લેવા માટે 'તમારા નેતાને જાણો' કાર્યક્રમ હેઠળ પસંદ કરાયેલા યુવાનો સાથે વાતચીત કરી હતી. આ વાર્તાલાપ તેમના નિવાસસ્થાન ૭, લોક કલ્યાણ માર્ગ ખાતે થયો હતો. પ્રધાનમંત્રીએ યુવાનો સાથે નિખાલસ અને મુક્ત હૃદયિંગ વાર્તાલાપ કર્યો. તેમણે નેતાજી સુભાષ ચંદ્ર બોઝના જીવનના વિવિધ પાસાઓ અને તેમની પાસેથી આપણે શું શીખી શકીએ તેની ચર્ચા કરી. તેમણે એમ પણ સૂચવ્યું કે તેઓએ તેમના જીવનમાં કેવા પ્રકારના પડકારોનો સામનો કર્યો અને આ પડકારોને કેવી રીતે પાર કર્યા તે જાણવા માટે તેઓએ ઐતિહાસિક વ્યક્તિઓના જીવન ચરિત્ર વાંચવાનો પ્રયાસ કરવો જોઈએ. દેશના પ્રધાનમંત્રીને મળવાની અને સંસદના સેન્ટ્રલ હોલમાં બેસવાની અનોખી તક મળતા યુવાનોએ પોતાનો ઉત્સાહ શેર કર્યો હતો. તેઓએ ઉમેર્યું હતું કે દેશના ખૂણે ખૂણેથી આટલી બધી વ્યક્તિઓ સાથે આવીને આ કાર્યક્રમે તેમને વિવિધતામાં એકતા શું છે તેની પણ સમજ આપી છે. ભૂતકાળની પ્રથાના એક આવશ્યક પરિવર્તનમાં જે માં સંસદમાં રાષ્ટ્રીય પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પણ કરવા માટે માત્ર મહાનુભાવોને આમંત્રિત કરવામાં આવ્યા હતા, આ ૮૦ યુવાનોને નેતાજી સુભાષ ચંદ્ર બોઝના માન માં સંસદમાં પુષ્પાંજલિ કાર્યક્રમમાં ભાગ લેવા માટે દેશભર માંથી પસંદ કરવામાં આવ્યા હતા. તે આ નો પસંદગી 'તમારા નેતાને જાણો' કાર્યક્રમ હેઠળ કરવામાં આવી હતી, જે સંસદમાં યોજનાર પુષ્પાંજલિ સમારોહનો ઉપયોગ કરવા માટે એક અસરકારક માધ્યમ તરીકે શરૂ કરવામાં આવ્યો છે જેથી દેશના યુવાનોમાં રાષ્ટ્રીય પ્રતિમાઓના જીવન અને યોગદાન વિશે વધુ જ્ઞાન અને જાગૃતિ ફેલાવવામાં આવે. તેઓની પસંદગી DIKSHA પોર્ટલ અને MyGov પર ક્વિઝ સહિતની વિસ્તૃત, ઉદ્દેશ્ય અને ગુણવત્તા આધારિત પ્રક્રિયા દ્વારા કરવામાં આવી હતી; જિલ્લા અને રાજ્ય કક્ષાએ વક્તૃત્વ/ભાષણ સ્પર્ધા; અને નેતાજીના જીવન અને યોગદાન પર સ્પર્ધા દ્વારા યુનિવર્સિટીઓમાંથી પસંદ કરવામાં આવી. તેમાંથી ૩૧ને સંસદના સેન્ટ્રલ હોલમાં આયોજિત પુષ્પ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં નેતાજીના યોગદાન પર બોલવાની તક પણ મળી. તેઓ પાંચ ભાષાઓ હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, મરાઠી અને બાંગ્લામાં બોલ્યા હતા.

# મહી બીજઉત્સવ: રબારી સમાજની કુલવર્ધિનિ મહી નદીને ગાયના દૂધથી થાય છે અભિષેક

## મહી બીજના પર્વમાં રબારી સહિત ગોપાલક સમાજના લોકો આજે પણ ગાયના દૂધનું વેચાણ કરતા નથીઃ મહીમાં સ્નાન અને પૂજન કરે છે

કમલમ્ ન્યુઝ,વડોદરા,

ભારતીય સંસ્કૃતિ કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરવા માટે પ્રેરે છે અને આવી સંપદાને દેવતુલ્ય માને છે. એથી જ દેશની વિવિધ નદીઓને લોકમાતા ગણીને તેમનું પૂજન કરવામાં આવે છે. ગુજરાતમાં પણ આવી અનેક લોકમાતાઓ છે, જેમની સાથે જનઆસ્થા જોડાયેલી છે. એ પૈકીની એક મહી નદી. મહી નદી પ્રત્યે ઋણ સ્વીકારવાનો ઉત્સવ એટલે મહી બીજ ઉત્સવ. ખાસ કરીને ગોપાલક સમાજ મહા સુદ બીજના પવિત્ર દિવસે મહી નદીમાં સ્નાન કરી, પૂજન કરે છે. આ પરંપરા પાછળ આસ્થા સાથે નદીના સંરક્ષણનો ભાવ પણ રહેલો છે. રબારી સહિતના ગોપાલક સમાજ દ્વારા મહી બીજની ઉજવણી પાછળ પણ એક રોચક આસ્થા કથા વણાયેલી છે. આ પરંપરા ઘણા જૂના સમય થી ચાલતી આવતી હશે તેમ મનાય છે. આ કથા પ્રમાણે લોકમાતા મહી જ્યારે સાગર સાથે લગ્ન યોજાયા ત્યારે ગોપાલક સમાજના વ્યકતિએ ચોથા મંગળફેરાએ તેમનું સવા રૂપિયો અર્પણ કરીને કન્યાદાન કર્યું હતું. આણંદ જિલ્લાના મહી અને સાગરના સંગમબિંદુ જેવા વહેરા ખાડી ગામે આ લગ્ન યોજાયા હતા તેવી પ્રખર લોકશ્રદ્ધા પ્રવર્તમાન છે. ગ્વાલબાલાએ વૃંદાવનમાં ભગવાન શ્રીકૃષ્ણના બાલ્યકાળમાં સખાની ભૂમિકા અદા કરી હતી. આજનો ગોપાલક સમાજ પણ કદાચ તેમની જ પરિપાટી જાળવી રહ્યો છે. પશુપાલનના વ્યવસાયને લીધે કુદરત સાથે નીકટનો નાતો ધરાવતો વિશાળ રબારી સમુદાય પણ ગોપાલક સમાજનો જ એક અભિન્ન હિસ્સો છે અને તેમની જીવનશૈલી તેમજ રીતરિવાજોમાં કૃતિભક્તિના પૂજનની પરંપરા હજુ પણ જીવંત છે. આ પરંપરાના પાલનરૂપે મહાસુદ બીજને રબારીઓ તેમજ ગોપાલકો મહી બીજ તરીકે ઉજવે છે, તેના અવસરે આજે આણંદ જિલ્લાના વાસદ મહીસાગર માતાજીના મંદિર, મહીસાગર સંગમ તીર્થ (વહેરાખાડી) તેમજ વડોદરા જિલ્લાના કાજલપુર ખાતે મહીસાગર માતાજીના મંદિરે રબારીઓ સહિત ગોપાલક જ્ઞાતિઓના લોકોએ ઘણી મોટી સંખ્યામાં, પરંપરાગત વેશભુષા, આભૂષણોમાં અને નવા જમાનાની યુવા પેઢીએ આધુનિક પરિવેશમાં લોક માતા મહીસાગરનો ભક્તિભાવપૂર્વક ખોળો ખૂંદ્યો હતો. મહીસાગર માતાના દૂગ્ધાભિષેક, પવિત્ર સ્નાન અને દર્શને માટે ઉત્તર ગુજરાતથી લઈને ચરોતર અને દક્ષિણ ગુજરાતમાંથી રબારી બંધુઓ સપરિવાર મહીના કાંઠે ઉમટી પડ્યા હતા. આમ, રબારી સમાજના લોકો બહુધા મહી બીજના દિવસે ઘરની ગાયના દૂધનું વેચાણ કરતાં નથી. સાંજના ઘરના માતા તરીકે પૂજે છે. ગોપાલક દ્વારા લોકમાતાના કન્યાદાનને યાદ કરીને મહી બીજના દિવસે ગામે ગામથી રબારી સમાજ કુટુંબ કબીલા સાથે મહીસાગર માતાના ખોળે ઉમટી પડે છે.

ઘરની ગાયનું દૂધ કેનમાં ભરીને લાવે છે. તેના દ્વારા મહીસાગરના જળનો અભિષેક કરે છે. પવિત્ર સ્નાન કરે છે. પ્રસાદરૂપે ખાલી કેનમાં મહીમાતાનું પાવન જળ ભરે છે. વાસદના નદી કાંઠે આવેલા મહીસાગર માતાના મંદિરે પણ દર્શન-પૂજન કરે છે. યજ્ઞ પણ યોજાય છે અને મંદિરે ઉપવાસીઓને ફળાહાર પણ કરાવવામાં આવે છે. કૃતિની ભકતિનું અપૂર્વ શ્રદ્ધામય વાતાવરણ જોવા મળે છે. ઘેર જઈને પ્રસાદરૂપે સાથે લાવવામાં આવેલા મહીજળનો પશુધન અને ઘરસંપદા પર છંટકાવ કરવામાં આવે છે. મહીસાગર માતા સહુનું કલ્યાણ અને રક્ષણ કરે તેવી ભાવના તેની પાછળ કામ કરે છે. રબારી સમાજના લોકો બહુધા મહી બીજના દિવસે ઘરની ગાયના દૂધનું વેચાણ કરતાં નથી. સાંજના ઘરના દૂધની ખીર અને સુખડી બનાવે છે. સહુ ભકતિભાવપૂર્વક સંધ્યાકાળે બીજના ચંદ્રમાના દર્શન કરે છે. તે પછી મહીસાગર માતાને ખીર અને સુખડીનો નૈવેધ ધરાવીને મહાપ્રસાદ ગ્રહણ કરે છે. આમ કૃતિભક્તિ અને લોકમાતાના ગૌરવનો આ ઉત્સવ તેમના ભાતીગળ જીવન સાથે વણાઈ ગયો છે. રબારી લોકો શક્તિના ઉપાસક છે. તેઓ ભગવાન શિવને પરમ પિતા અને મા શક્તિને માતા માને છે. જૂના જમાનામાં રાજવીઓ ખાનગી સંદેશાઓ પહોંચાડવાનું કામ વિશ્વાસ રાખીને તેમને સોંપતા. બહેન-દીકરીઓના વળાવીયા તરીકે પણ તેમની સેવા લેવાતી. જેમનું અસલ વતન એશિયા માઈનોર હોવાનું મનાય છે. આધુનિક પ્રવાહોની અસર છતાં હજુ આ સમાજની રહેણીકરણી તેમજ સમાજ જીવન પર પરંપરાનો ભાવ સચવાયો છે. જેની પ્રતીતિ મહી બીજની શ્રદ્ધાસભર ઉજવણીથી થાય છે. મહીસાગર કાંઠે મહા બીજનો આ પાવન અવસર અસંખ્ય શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્રબિન્દુ બની રહ્યો હતો.

## સુંદરપુરી પાણીનાં ટાંકા થી ઓમ સિનેમા ચાર રસ્તા સુધી રૂ.૮૩ લાખનાં ખર્ચે મંજૂર

કમલમ્ ન્યુઝ,

ગાંધીધામ નગરનાં સુંદરપુરી શહેરી વિસ્તારમાં પૂજ્ય માતંગદેવ રોડ, સુંદરપુરી પાણીનાં ટાંકા થી ઓમ સિનેમા ચાર રસ્તા સુધી રૂ.૮૩ લાખનાં ખર્ચે મંજૂર થયેલા આ માર્ગનું નવિનીકરણ-રિસર્ફેસિંગ વગેરે કાર્ય નું ગાંધીધામ મતવિસ્તારનાં લોકપ્રિય ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરીનાં હસ્તે કરવામાં આવ્યું હતું. આ રોડ પર ગઈ કાલે મુસળધાર વરસાદને કારણે ઠેક-ઠેકાણે મોટા ગાબડા પડી ગયેલ હતા તેથી ટ્રાફિક સમસ્યા તેમજ અકસ્માતનાં બનાવો અવાર-નવાર બનતા હતા. આ રોડનાં નવિનીકરણનાં કર્યા થી સ્થાનિક લોકો તેમજ આ રસ્તાનો નિરંતર ઉપયોગ કરતાં લોકોએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. આ રસ્તાના નવિનીકરણનાં પ્રસંગે શ્રીફળ વધેરીને પૂજા અર્ચના સાથે કાર્ય નું શુભારંભ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરી સાથે નગરપાલિકા પ્રમુખશ્રી ઈશિતાબેન ટીલવાની, ઉપપ્રમુખશ્રી બળવંત ઠક્કર, કારોબારી ચેરમેનશ્રી પુનિતભાઈ દુધરેજિયા, શહેર મહામંત્રીશ્રી મહેન્દ્ર જુનેજા, નગરસેવકો શ્રી પ્રવીણભાઈ ધેડા, શ્રી એ.કે.સિંધ, શ્રી દિવ્યાબેન નાથાણી, શ્રી સરિતાબેન ભંડર, શ્રી પૂર્વીબેન મેઘાણી, શ્રી નયનાબેન હિંગણા, શ્રી કમાલ શર્મા, શ્રી ભરત મીરાણી, શ્રી સુરેશ ગરવા, શ્રી મોહન ભાનુશાલી, શ્રી મનીષાબેન ધૂવા, GDA નાં પૂર્વ અધ્યક્ષ શ્રી મધુકાન્ત શાહ, સામાજીક અગ્રણીઓ શ્રી મનુભાઈ વણકર, શ્રી રમેશભાઈ સથવારા, શ્રી વીરજીભાઈ પ્રજાપતિ, શ્રી વિષ્ણુગિરિ, શ્રી વિનય દુબે, શ્રી ધર્મેન્દ્ર મેઘાણી, મહેશ્વરી સમાજનાં ધર્મગુરુઓ, સ્થાનિક નેતાઓ, અગ્રણીઓ, ભાજપનાં કાર્યકરો તેમજ પ્રજાજનો હાજર રહ્યા હતા. સ્થાનિક અગ્રણીઓએ આ રસ્તાનું નવિનીકરણ માટે ધારાસભ્યશ્રી, ચૂંટાયેલા નગરસેવકો, પદાધિકારીઓ વગેરે નો આભાર માન્યો હતો

## અંકલેશ્વર તાલુકાના જુના બોરભાઠા બેટસ્થિત H તપોવન આશ્રમ ખાતે નિ:શુલ્ક નેત્ર ચેકઅપ કેમ્પ યોજાયો

### દીપ પ્રગટાવી ઉદઘાટન અંકલેશ્વર ના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલે કર્યું

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર જૂના બોરભાઠા ગામ સ્થિત પૂજ્ય નારાયણ સ્વામી ના ૐ તપોવન આશ્રમના સાનિધ્યમાં આજરોજ નિ:શુલ્ક નેત્ર ચેકઅપ કેમ્પ યોજાયો હતો. જેમાં ૫૦૦ થી વધુ લાભાર્થીઓને નિ:શુલ્ક ધોરણે આંખ ના નંબર સહીત મોતિયા વ્હેલ સહીત અન્ય દર્દો નુ નિદાન કરવામાં આવ્યુ હતુ

### આસપાસના ગ્રામ્ય વિસ્તારો માંથી જરૂરિયાતમંદ ૫૦૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો

તેમજ જે દર્દીઓને મોતિયા સહીત ના ઓપરેશન ની જરૂરિયાત હશે તેઓને આગામી સમાજ દરમ્યાન ભરૂચની આંકાશ હોસ્પિટલમાં તજજ્ઞ તબીબો મારફતે નિ:શુલ્ક ઓપરેશન કરાશે જેનો સંપૂર્ણ ખર્ચ ૐ તપોવન ચેરિટેબલ ટ્રસ્ટ ચુકવશે.આ કેમ્પમાં અંકલેશ્વર ના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ, તાલુકા ભાજપા પ્રમુખ નિતેન્દ્ર દેવરા, તાલુકા પંચાયત ઉપ પ્રમુખ તુમિ જોષી, સુરતના તબીબ ડો પી પી સોલંકી સહીત અન્ય તબીબી ટીમ ખાસ ઉપસ્થિત રહ્યા હતા

## અમદાવાદમાં પરીક્ષા પે ચર્ચા ૨૦૨૩ના ભાગરૂપે ચિત્ર સ્પર્ધામાં શાહીબાગમાં આવેલ કેન્દ્રીય વિદ્યાલય ૧ માં ૧૪થી પણ વધુ સ્કૂલોના ૧૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો

કમલમ્ ન્યુઝ,

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા લખાયેલા પુસ્તક એકઝામ વોરિયર્સની ૨૫ થીમ ઉપર પેઇન્ટિંગ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં કેન્દ્રીય વિદ્યાલય સહિત જુદી જુદી સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અમદાવાદમાં પણ પરીક્ષા પે ચર્ચા ૨૦૨૩ના ભાગરૂપે યોજાયેલી આ ચિત્ર સ્પર્ધામાં શાહીબાગમાં આવેલ કેન્દ્રીય વિદ્યાલય ૧ માં ૧૪થી પણ વધુ સ્કૂલોના ૧૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો જેમણે જુદી જુદી થીમ ઉપર ડ્રોઈંગ દોર્યા હતા.

પરીક્ષામાં વિદ્યાર્થીઓનો ડર દૂર થાય તે હેતુથી આ ચિત્રકામ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા બાળકોને પ્રધાનમંત્રી દ્વારા લિખિત એકઝામ વોરિયર્સ પુસ્તક આપવામાં આવ્યું હતું. આ અંગે વધુ માહિતી આપતા શાહીબાગ કેન્દ્રીય વિદ્યાલય ૧ના પ્રિન્સિપલ વિવેક યાદવે જણાવ્યું હતું કે પરીક્ષાને વિદ્યાર્થીઓ ટેન્શનના રૂપમાં નહીં પરંતુ ઉત્સવના રૂપમાં લે અને પરીક્ષાનો ભય દૂર થાય તે હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ અભ્યાસ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આ સ્પર્ધા પરીક્ષાના ડરને દૂર કરવામાં પણ મદદરૂપ થશે એમ પણ જણાવ્યું હતું.

કમલમ્ ન્યુઝ,

G 20 હેઠળ ગાંધીનગરમાં આયોજિત'B-20 ઇન્સેપ્શન' મિટિંગમાં સહભાગી થવા ગુજરાતના મહેમાન બનેલા રાષ્ટ્રીય- આંતરરાષ્ટ્રીય મહાનુભાવોએ ગાંધીનગર ખાતે દાંડી કુટિરની મુલાકાત લઈને પૂજ્ય મહાત્મા ગાંધીજી જીવન- દર્શનથી પ્રભાવિત થયા હતા. તેમણે ગાંધી કુટીરમાં મહાત્મા ગાંધીની જીવન ગાથાની દ્રશ્ય શ્રાવ્ય ઝલક મેળવી હતી લંડન ખાતે કાયદાનો અભ્યાસ, દક્ષિણ આફ્રિકામાં બ્રિટીશરો સામે સત્યાગ્રહ ની શરૂઆતથી લઈને ભારત ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીજીના યોગદાનને જાણ્યું હતું.

# ભારતને જોડાણો અને સાથસહકાર દ્વારા વિશ્વના અર્થતંત્રનું એન્જિન બનવાની આશા છેઃ શ્રી પિયૂષ ગોયલ

## જી૨૦ની થીમ - 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'- દ્વારા ભારત દુનિયાને એકબીજાની કાળજી લેવા, સંવાદ વધારવા તથા પૃથ્વી અને આપણા બાળકોના ભવિષ્ય માટે ચિંતાઓ દૂર કરવા પ્રેરિત કરવાની ઇચ્છા ધરાવીએ છીએઃ શ્રી પિયૂષ ગોયલ

### આપણે આંતરપેઢીય ભાગીદારીનું સન્માન કરવું જોઈએ – આપણે આ પૃથ્વી પરના તમામ સંસાધનોનો મહત્તમ વપરાશ કરવાનો અધિકાર ધરાવતા નથીઃ શ્રી પિયૂષ ગોયલ

### ભારતમાં ઉત્પાદન શરૂ કરવાનો નિર્ણય કરનાર વ્યવસાયોની વૃદ્ધિ અને વિસ્તરણ થશે, જે માટે નવી અને ડિઝાઇન ધરાવતા નવા ઉત્પાદનો પેદા કરવાની આપણી સ્પર્ધાત્મકતા અને ક્ષમતા જવાબદાર છેઃ શ્રી પિયૂષ ગોયલ

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય વેપારવાણિજ્ય અને ઉદ્યોગ, ઉપભોક્તા, ખાદ્ય અને સરકારી વિતરણ અને કપડાં મંત્રી શ્રી પિયૂષ ગોયલે વ્યવસાયોને તેમની રીતોમાં પર્યાવરણને અનુકૂળ અને સતત વિકાસ માટેનો અભિગમ અપનાવવા જણાવ્યું હતું. તેમણે વ્યવસાયોને જી૨૦ની સાથે બી૨૦ મંચનો ઉપયોગ આપણે કેવી રીતે સતત અને સમાન ભવિષ્યના એજન્ડા માટે ખભેખભો મિલાવીને કામ કરીએ શકીએ એનો વિચાર કરવા પણ જણાવ્યું હતું. તેમણે આજે ગાંધીનગરમાં ઈન્સેપ્શન મીટિંગ ઓફ બિઝનેસ (બી૨૦)ને સંબોધન કર્યું હતું, જે વૈશ્વિક વ્યવસાયિક સમુદાય સાથે જી૨૦ સંવાદ માટે અધિકૃત મંચ છે. શ્રી ગોયલે આજે નેતાજી સુભાષચંદ્ર બોઝને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતીઅને કહ્યું હતું કે, નેતાજી આપણા સ્વતંત્રતા સંગ્રામના અગ્રણી સ્વતંત્રતાસેનાનીઓ પૈકીના એક હતા. તેમણે ઉમેર્યું હતું કે, નેતાજીએ એવા દેશની કલ્પના કરી હતી, જેમાં દેશનો દરેક નાગરિક રાષ્ટ્રની સમૃદ્ધિમાં હિસ્સો ધરાવતો હોય. શ્રી ગોયલે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'વસુધૈવ કુટુમ્બકમ', શાંતિ અને સંવાદ, વ્યવસ્થિત અને સર્વસમાવેશક વૃદ્ધિના વિઝન તથા માનવીય અભિગમની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યુંહતું કે, ભારત એક જવાબદાર વૈશ્વિક રાષ્ટ્ર બનવા ઇચ્છે છે, પછી એ આબોહવામાં પરિવર્તનના ક્ષેત્રમાં હોય કે ડિજિટલ સરકારી માળખાગત સુવિધાઓ ઊભી કરવાના ક્ષેત્રમાં હોય. શ્રી ગોયલે જણાવ્યું હતું કે, ભારતમાં જી૨૦ની થીમ – એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય – દ્વારા અમે દુનિયાને એકબીજાની કાળજી લેવાની, વધુને વધુ સંવાદ કરવાની તથા આપણા બાળકોના ભવિષ્ય અને પૃથ્વી માટે વિશેષ ચિંતા કરવા પ્રેરિત કરવા ઇચ્છીએ છીએ. મહાત્મા ગાંધીને ટાંકીને તેમણે જણાવ્યું હતું કે, આપણને આ દુનિયા ટ્રસ્ટીઓ તરીકે વારસામાં મળી હતી અને આગામી પેઢી માટે સારી દુનિયા પાછળ છોડીને જવી આપણી ફરજ છે. આપણે આંતરપેઢીય ભાગીદારીનું સન્માન કરવું જોઈએ – આપણે આ પૃથ્વીના તમામ સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરવાનો અધિકાર ધરાવતા નથી. શ્રી ગાયલે દર્શાવ્યું હતું કે, ભારત સતત વિકાસ માટે હંમેશા મોખરે રહ્યો છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, પર્યાવરણ લક્ષી લક્ષ્યાંકો સ્વીકારવામાં અને તેનો અમલ કરવામાં દુનિયામાં ટોચના ૫ દેશોમાં ભારત સ્થાન ધાવે છે. ભારત નિયમિતપણે યુએનએફસીસીસી રિપોર્ટ રજૂ કરે છે અને વર્ષ ૨૦૩૦ માટેના એના લક્ષ્યાંકોથી વધારે સફળતા હાંસલ કરી છે, વર્ષ ૨૦૨૧માં એની સ્થાપિત પુનઃપ્રાપ્ય ઊર્જા ૪૦ટકા હિસ્સો ધરાવે છે. ભારત સતત વિકાસના દરેક લક્ષ્યાંકને અતિ ગંભીરતાપૂર્વક લે છે. ભારતની વૃદ્ધિની રોમાંચક સફર પર બોલતાં શ્રી ગોયલે જણાવ્યું હતું કે, કેટલીક આફતો આવી હોવા છતાં છેલ્લાં ત્રણ દાયકામાં ભારતે લગભગ ૧૨ ગણી વૃદ્ધિ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના સમાજના દરેક વર્ગ સુધી અને દેશના અંતરિયાળ વિસ્તારોમાં સર્વસમાવેશક વૃદ્ધિના લાભ પહોંચાડવા સરકારે પરિવર્તનકારક પગલાં લીધા છે. શ્રી ગોયલે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી સતત ૪ "આઈ" એટલે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખાગત સુવિધા), ઈન્ટિગ્રિટી (પ્રામાણિકતા), ઈન્ક્લૂઝિવ ડેવલપમેન્ટ (સર્વસમાવેશક વિકાસ) અને ઈન્ટરનેશનલ આઉટલૂક (આંતરરાષ્ટ્રીય સંભાવનાઓ)માં રોકાણ કરવા ધ્યાન કેન્દ્રિત કરે છે, જેથી ભારતીય અર્થતંત્રોને ઉડાન ભરવા પાંખો મળે. તેમણે સરકારની કેટલીક પરિવર્તનકારક પહેલો વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ડિજિટલ ઈન્ડિયા અભિયાને સુનિશ્ચિત કર્યું હતું કે, અત્યારે આપણે ટેલીકોમમાં જે જોડાણનું સ્તર ધરાવીએ છીએ અને આગામી ૨ વર્ષ માટે જે યોજના બની છે, એ આપણને ટેકનોલોજીની દ્રષ્ટિએ ટોચના ૫ કે ૬ અર્થતંત્રોમાં સ્થાન અપાવશે. એનાથી આપણને સર્વસમાવેશક આર્થિક વૃદ્ધિ સ્માર્ટ રીતે હાંસલ કરવામાં મદદ મળશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકારે ભોજન, આશ્રય, વસ્ત્ર, શિક્ષણ, હેલ્થકેર વગેરે જેવી મૂળભૂત જીવન જરૂરિયાતો લોકોને સફળતાપૂર્વક પૂરી પાડી હતી, તેમને જીવનમાં વધારે સારી રીતે કામગીરી કરવાની આકાંક્ષા ધરાવવા સક્ષમ બનાવ્યાં છે અને પ્રેરિત કર્યા છે. તેમણે નોંધ્યું હતું કે, મહામારીની પરાકાષ્ઠા દરમિયાન પણ ભૂખમરાને કારણે દેશમાં કોઈ પણ વ્યક્તિનું મૃત્યુ થયું નહોતું, જે માટે સરકારની કેટલીક પહેલો આભારી છે, જેમાં સમગ્ર દેશમાં લગભગ ૮૦૦ મિલિયન લોકોને પર્યાપ્ત અનાજથી વધારે પ્રદાન કરવાનું અભિયાન સામેલ છે. તેમણે ભાર મૂક્યો હતો કે, ભારત વિશ્વનો સૌથી મોટો અને સફળ નિઃશુલ્ક હેલ્થકેર કાર્યક્રમ ધરાવે છે, જે ૫૦૦ મિલિયન લોકોને વીમાકવચ પ્રદાન કરે છે. તેમણે કહ્યું હતું કે, પિરામિડના તળિયે રહેલા કે ગરીબી રેખા નીચે જીવન જીવતા ૩૫ મિલિયન પરિવારોને તમામ મૂળભૂત સુવિધાઓ ધરાવતા મકાનો પ્રદાન કરવામાં આવે છે, જેઓ હજુ પણ મકાન જેવી મૂળભૂત સુવિધાથી વંચિત છે અને તેને મેળવવાના સૌથી વધુ હકદાર છે. તેમણે ઉમેર્યું હતું કે, સરકારે ખેડૂતોની આવકમાં પણ સફળતાપૂર્વક વધારો કર્યો છે. શ્રી ગોયલે નોંધ્યું હતું કે, જ્યારે દુનિયા ચિંતિત હતી કે, ભારત કેવી રીતે મહામારીનો સામનો કરશે, ત્યારે ભારતે દુનિયાને ડરને આશામાં બદલી નાંખ્યો હતો અને વૈશ્વિક અર્થતંત્રમાં ચમકતા સિતારા તરીકે બહાર આવ્યો હતો. દુનિયામાં અત્યારે ભારત જેટલી તક આપે છે એટલું વિશાળ બજાર અન્ય કોઈ દેશમાં નથી. તેમણે ઉમેર્યું હતું કે, ભારતને સ્પર્ધાત્મકતા વચ્ચે જોડાણો અને સાથસહકાર દ્વારા વૈશ્વિક અર્થતંત્રનું એન્જિન બનવાની આશા છે તથા તેમણે ભારતીય અને વિદેશી એમ બંને કંપનીઓને દુનિયા માટે ભારતનો આધાર તરીકે ઉપયોગ કરવા જણાવ્યું હતું. શ્રી ગોયલે કહ્યું હતું કે, ભારતમાં વ્યવસાય અર્થે આવેલા તમામ પ્રકારના વ્યવસાયોને હંમેશા સફળતા મળી છે, જે માટે આપણી સ્પર્ધાત્મકતા સૌથી વધુ મહત્વપૂર્ણ જવાબદાર પરિબળ છે. તેમણે અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે, ભારત કાયદાનું શાસન પૂરું પાડે છે, તેનું નેતૃત્વ પ્રેરક અને નિર્ણાયક ક્ષમતા ધરાવે છે, સરકારની નીતિઓ પારદર્શક છે, કોઈ અસ્પષ્ટ મોડલ નથી અને કોઈ છૂપી સબસિડીઓ નથી. તેમણે એક બ્રિટિશ કંપનીનું ઉદાહરણ ટાંક્યું હતું, જે બ્રિટનમાં ઉત્પાદન કરે છે અને દુનિયાના થોડાં દેશોમાં પુરવઠો પૂરો પાડે છે તથા મધ્યમસરનું ટર્નઓવર હાંસલ કરે છે. થોડાં વર્ષો અગાઉ આ કંપનીએ ભારતમાં ઉત્પાદન કેન્દ્ર સ્થાપિત કર્યું હતું અને ભારતીય ઉત્પાદનની સ્પર્ધાત્મકતા તથા ડિઝાઈન અને ઈનોવેશન દ્વારા નવા ઉત્પાદનો પ્રસ્તુત કરવાની આપણી ક્ષમતાને કારણે અત્યારે કંપની દુનિયાના ૧૧૦થી વધારે દેશોમાં ઉત્પાદનો પૂરાં પાડે છે, એ પણ વાજબી અને સ્પર્ધાત્મક કિંમતો પર. તેમણે ટેકનોલોજી ક્ષેત્રની અન્ય એક કંપની વિશે પણ વાત કરી હતી, જે ભારતમાં પથી ૭ ઉત્પાદન ધરાવે છે અને તેના ઉત્પાદનનો હિસ્સો વધારીને ૨૫ ટકા ભારતમાં કરવાની યોજના ધરાવે છે.

તેમણે આશા વ્યક્ત કરી હતી કે, ઓગસ્ટ સુધીમાં આપણે બી૨૦ માટે મજબૂત માળખાગત કાર્ય ધરાવીશું તથા આપણે જવાબદારી, સારસંભાળ અને ચિંતાનો સંદેશ, એકતા અને અખંડિતતાનો સંદેશ સફળતાપૂર્વક આપ્યો હતો. આ એક એવો સંદેશ છે, જે આપણે તમામ ભારતથી લઈને દુનિયામાં આપણા બાળકો માટે ઉજ્જવળ ભવિષ્ય માટે ખભેખભો મિલાવીને કામ કરીશું એ જણાવે છે. ઉલ્લેખનીય છે કે, ભારતે ૧ ડિસેમ્બર, ૨૦૨૨થી જી૨૦ સંગઠનની અધ્યક્ષતા ગ્રહણ કરી હતી. જી૨૦ એક ટોચનું આંતરરાષ્ટ્રીય સંગઠન છે, જેનો ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય સ્તરે આર્થિક ક્ષેત્રમાં સાથસહકાર સ્થાપિત કરવાનો છે. વર્ષ ૨૦૧૦માં સ્થાપિત બી૨૦ એ જી૨૦ની અંદર સૌથી પ્રસિદ્ધ જોડાણ ગ્રૂપ છે, જેમાં ભાગીદારો તરીકે કંપનીઓ અને વ્યવસાયિક સંસ્થાઓ છે. બી૨૦ વૈશ્વિક આર્થિક અને વેપારી વહીવટના મુદ્દાઓ પર વિશ્વના વ્યવસાયિક આગેવાનોને તેમના અભિપ્રાયો વ્યક્ત કરવા એક મંચ પર લાવે છે તથા તેઓ જી૨૦ના સંપૂર્ણ વ્યવસાયિક સમુદાય માટે એક અવાજમાં વાત કરે છે. બી૨૦ એ જી૨૦ને સર્વસંમતિને આધારે નીતિગત ભલામણો કરવા ૭ ટાસ્ક ફોર્સ અને ૨ એક્શન કાઉન્સિલ મારફતે કામ કરશે. આ પ્રસંગે રેલવે, સંચાર અને ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, જી૨૦ ઈન્ડિયાના શેરપા શ્રી અમિતાભ કાંત અને ટાટા સન્સના ચેરમેન શ્રી એન ચંદ્રશેખરન, જેઓ બી૨૦ ઈન્ડિયાના અધ્યક્ષ પણ છે, વેપારવાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય અંતર્ગત કાર્યરત ડીપીઆઈઆઈટીના સચિવ શ્રી અનુરાગ જૈન તથા અન્ય મહાનુભાવો સામેલ થયા હતા. બી૨૦ ઈન્ડિયા ઈન્સેપ્શન મીટિંગમાં દેશમાંથી ૪૦૦થી વધારે પ્રતિનિધિઓ ઉપરાંત જી૨૦ સંગઠનના સભ્ય દેશો અને આમંત્રિત દેશોમાંથી સીઈઓ અને બિઝનેસ એક્ઝિક્યુટિવ્સ સહિત ૨૦૦થી વધારે વિદેશી પ્રતિનિધિઓ પણ સામેલ થયા હતા. બી૨૦ મંત્રણામાં આબોહવામાં પરિવર્તન, ઈનોવેશન, ડિજિટલ ક્ષેત્રમાં વૈશ્વિક સાથસહકાર, મજબૂત વૈશ્વિક મૂલ્ય સાંકળો, નાણાકીય સર્વસમાવેશકતાને વેગ આપવો, સમાજોનું સશક્તિકરણ વગેરે જેવા વિસ્તૃત મુદ્દાઓ પર ચર્ચાવિચારણા જોવા મળશે. બી૨૦ ઈન્સેપ્શન મીટિંગ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ પૂર્ણ થશે.

# સરકાર એમએસએમઈ માટે સરળ, ઝડપી અને ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન આપતી ઈકોસિસ્ટમ ઊભી કરી રહી છેઃ શ્રી ગોયલ

## મોટી કંપનીઓએ એમએસએમઇનો હાથ ઝાલવા, શ્રેષ્ઠ પદ્ધતિઓ અપનાવવામાં તેમને મદદ કરવા અને તેમને સપ્લાય ચેન ઇકોસિસ્ટમ સાથે સંકલિત કરવા માટે જવાબદારી લેવી જ જોઈએઃ બીર૦ ઇન્ડિયા ઈન્સેપ્શન મીટિંગનાં ચોથા પૂર્ણ સત્રમાં શ્રી ગોયલ

### વૈશ્વિક વેલ્યૂ ચેન્સમાં વિશ્વસનીય અને સ્થિતિસ્થાપક ભાગીદાર બનવા માટે સરકાર એક સક્ષમ ઇકોસિસ્ટમ ઊભી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, જે સરળ, ઝડપી છે અને ઈઝ ઑફ ડુઇંગ બિઝનેસને પ્રોત્સાહન આપે છેઃ શ્રી ગોયલ

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ, ઉપભોક્તા બાબતો, ખાદ્યાન્ન અને જાહેર વિતરણ તથા કાપડ મંત્રી શ્રી પિયુષ ગોયલે આજે જણાવ્યું હતું કે, મોટી કંપનીઓએ એમએસએમઈનો હાથ ઝાલવાની જવાબદારી લેવી જ જોઈએ, તેમને શ્રેષ્ઠ પદ્ધતિઓ અપનાવવામાં મદદ કરવી જોઈએ અને તેમને સપ્લાય ચેન ઈકોસિસ્ટમ સાથે સંકલિત કરવા જોઈએ. તેઓ આજે ગાંધીનગરમાં સ્થિતિસ્થાપક વૈશ્વિક મૂલ્ય સાંકળો બનાવવા પર બી ૨૦ ઈન્ડિયા સ્થાપના બેઠકનાં ચોથા પૂર્ણ સત્રમાં બોલી રહ્યા હતા. શ્રી ગોયલે નોંધ્યુંહતું કે, મોટાં એકમ કે એક્રની આસપાસ એમએસએમઈનો વિકાસ થાય છે. એક ઉદાહરણ ટાંકીને તેમણે જણાવ્યું હતું કે, એપલનો મૅન્યુફેક્ચરિંગ પ્લાન્ટ આવે છે ત્યારે એપલને મિનિ વેલ્યૂ ચેઈન સપ્લાયર્સ તરીકે ઈકોસિસ્ટમમાં હજારો એમએસએમઈ એકમો વિકસે છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, એમએસએમઈ વધારે વ્યવહારુ સમાધાનો ધરાવે છે, રોજબરોજના અનુભવો ધરાવે છે અને મુશ્કેલ માર્ગ શીખ્યા હોવાથી મોટી કંપનીઓની સરખામણીએ વધારે સારી રીતે સંજોગોમાં અનુકૂલન સાધી શકે છે. તેમણે કહ્યું હતું કે, મોટી કંપનીઓને તેમની સાથે સંકળાયેલા એમએસએમઈને હાથ પકડવા માટે સંવેદનશીલ બનાવવી જોઈએ. આપણે નાની કંપનીઓ માટે કામ કરવાનું સરળ બનાવવા, બિનજરૂરી પેપરવર્કને દૂર કરવા, કસ્ટમ પ્રક્રિયાઓને સરળ બનાવવા અને પ્રક્રિયાઓને સરળ અને સહજ બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે પણ પ્રયાસ કરવો જ જોઈએ. તેમણે ધ્યાન દોર્યું હતું કે સિંગાપોર ટ્રેડિંગ હબ તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે અને સૂચન કર્યું હતું કે સિંગાપોર શું યોગ્ય રીતે કરી રહ્યું છે તે શોધવા માટે એક અભ્યાસ કરી શકાય છે અને તેના આધારે એમએસએમઈને ટેકો આપવા માટે એક મૂળભૂત માળખું બનાવી શકાય છે. તેમણે ઉમેર્યું હતું કે, તેમાં માળખાગત વિકાસ, લોજિસ્ટિક્સના પડકારોનું સમાધાન સામેલ હોઈ શકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, એમએસએમઈ મેજ પર વિશ્વાસ લાવે છે, જે કોઈ પણ મૂલ્ય શ્રુંખલામાં, પછી તે સ્થાનિક હોય કે આંતરરાષ્ટ્રીય, સૌથી મહત્ત્વપૂર્ણ તત્ત્વ છે. વૈશ્વિક વેલ્યૂ ચેન સાથે ભારતને સંકલિત કરવા અંગે શ્રી ગોયલે જણાવ્યું હતું કે, જો આપણે આપણી વેલ્યૂ ચેનને બાકીની દુનિયા સાથે સુસંગત નહીં કરીએ, અથવા જો આપણે સરળ અને ઝડપી લોજિસ્ટિક્સનું સર્જન નહીં કરીએ, તો આંતરરાષ્ટ્રીય કંપનીઓ માટે ભારતને તેની વેલ્યૂ ચેનમાં સ્થાપિત કરવાનું મુશ્કેલ બનશે. વૈશ્વિક મૂલ્ય શ્રુંખલામાં વિશ્વસનીય અને સ્થિતિસ્થાપક ભાગીદાર બનવા માટે, શ્રી ગોયલે જણાવ્યું હતું કે, સરકાર એક સક્ષમ ઈકોસિસ્ટમ ઊભી કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, જે સરળ, ઝડપી છે અને ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ-વેપાર-વાણિજ્ય કરવાની સરળતાને પ્રોત્સાહન આપે છે. તેમણે કહ્યું કે, સરકારનું ધ્યાન આપણા દેશને ભારતની સફળતાની ગાથામાં ગુણવત્તાને સૌથી મહત્વપૂર્ણ પરિબળ તરીકે સ્વીકારવાના પ્રયાસ પર છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વૈશ્વિક માપદંડો સ્થાપિત કરવા, વૈશ્વિક માપદંડો સાથે ભારતીય ધોરણો વચ્ચે સુમેળ સાધવો અને ઉપભોક્તાઓ ગુણવત્તાની વધારે માગ ધરાવતા બને એ ભારત માટે વૈશ્વિક સ્તરે મહત્ત્વપૂર્ણ ખેલાડી બનવા માટે આવશ્યક છે. શ્રી ગોયલે જણાવ્યું હતું કે, ભારતે અનુકરણીય સ્થિતિસ્થાપકતા સાથે કોવિડ કટોકટીનો સામનો કર્યો હતો, જેને સમગ્ર વિશ્વમાં સ્વીકૃતિ મળી છે. તેમણે કહ્યું હતું કે, ભારત એવા દેશોમાંથી એક છે, જેણે કોવિડ મહામારીના સંપૂર્ણ સમયગાળા દરમિયાન ક્યારેય એક પણ વ્યાવસાયિક પ્રતિબદ્ધતાને નિરાશ કરી નથી. તેમણે ઉમેર્યું હતું કે, સેવાની દરેક પ્રતિબદ્ધતા કોઈ પણ વિક્ષેપ વિના પૂરી કરવામાં આવી હતી, એક પણ દિવસ વીજળી ગુલ થઈ ગઈ નથી, ઊર્જાની અછત નથી, કાયદો અને વ્યવસ્થાની કોઈ સમસ્યા નથી. ભારત અને યુએઈ સીઈપીએ સમજૂતી પર શ્રી ગોયલે જણાવ્યું હતું કે, આ સમજૂતીનો સૌથી મોટો લાભ બંને દેશોના એમએસએમઈને થશે. બંને દેશો એકબીજા સાથે જોડાઈ રહ્યા છે અને એકબીજાના દેશોની જરૂરિયાતોને પહોંચી વળવા તકો શોધી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, ભારત સીઈપીએમાંથી શ્રેષ્ઠ લાભ લેવા યુએઈની કેટલીક મોટી કંપનીઓ સાથે વાતચીત કરી રહ્યું છે. સરકારની નિકાસના કેન્દ્ર તરીકે વન ડિસ્ટ્રીક્ટ પહેલ અંગે શ્રી ગોયલે જણાવ્યું હતું કે, આ પ્રધાનમંત્રીના વિચારથી પ્રેરિત છે કે, દરેક જિલ્લાને તેમનાં વિશિષ્ટ ઉત્પાદનો માટે માન્યતા આપવી અને કયો જિલ્લો કયાં ઉત્પાદનોની નિકાસ કરે છે તેની જાણકારી મેળવીને જિલ્લાઓની વિશેષતાને ઓળખવી. તેમણે જણાવ્યું હતું કે, આજે આ પહેલ હેઠળ દેશના દરેક જિલ્લામાંથી નિકાસનું મૅપિંગ કરવામાં આવે છે અને દરેક જિલ્લામાંથી નિકાસના આંકડા જાણવા મળે છે. દરેક જિલ્લાના આ ડેટાબેઝનો ઉપયોગ હવે વિશ્વભરમાં આ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી રહ્યો છે. ઉદાહરણ તરીકે મોરબીને સિરામિકની નિકાસ માટે ઓળખ આપવામાં આવી છે, ત્રિપુરા અનાનસની નિકાસ કરે છે અને બિહાર લીચીની નિકાસ કરે છે, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે સરકાર દરેક જિલ્લા અને નિકાસ કેન્દ્ર તરીકે ઉભરી આવવાની તેની સંભાવના તરફ ધ્યાન આપી રહી છે. તે જિલ્લા અને રાજ્ય સ્તરે સંકલન કરી રહી છે કે, દરેક જિલ્લાને મૂલ્ય સાંકળોમાં તેમની ભૂમિકાનો અહેસાસ કરાવીને વેપાર-વાણિજ્યને વિશ્વનાં બજારો સાથે કેવી રીતે જોડી શકાય. શ્રી ગોયલે ઉદ્યોગને આબોહવામાં ફેરફારને પહોંચી વળવાના વૈશ્વિક પ્રયાસોને માન્યતા આપવા અને તેમની વ્યાવસાયિક પદ્ધતિઓમાં સભાન અને સ્થાયી બનવાની જવાબદારી અદા કરવા અનુરોધ કર્યો હતો.

# મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તેમજકેન્દ્રીય મંત્રી શ્રી પિયુષ ગોયલની પ્રેરક ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ખાતે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા



કમલમ્ ન્યુઝ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતને જી-૨૦નું યજમાન પદ મળ્યું છે. આ G20ની સૌપ્રથમ B 20 ઈન્સેપ્શન મીટ ગુજરાતના ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે શરૂ થઈ છે.B 20 ઈન્સેપ્શનના સહભાગી ડેલિગેટ્સ રાષ્ટ્ર તથા આમંત્રિતો માટે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મહાત્મા મંદિર ખાતે બહુ વિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.G 20 હેઠળ ગાંધીનગરમાં આયોજિત'B-20 ઈન્સેપ્શન' મિટિંગમાં સહભાગી થવા ગુજરાતના મહેમાન બનેલા રાષ્ટ્રીય- આંતરરાષ્ટ્રીય મહાનુભાવો એમ્ફી થિયેટર, મહાત્મા મંદિર,ગાંધીનગર ખાતે વિવિધ કલાકારો દ્વારા રજૂ કરાયેલા ગુજરાત ની આગવી ઓળખ એવા ગરબા, રાસ,પરંપરાગત આદિવાસી નૃત્ય સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળીને પ્રભાવિત થયા હતા. આ કાર્યક્રમમાં ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપુત, સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


## જોઈએ છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર

PRESS

"કમલમ દૈનિક"

સમગ્ર ગુજરાત માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

સમગ્ર ગુજરાતમાં જિલ્લા તેમજ તાલુકા મથકે રિપોર્ટીંગ કરી શકે તેવા જિલ્લા ચીફ અને તાલુકા ચીફ તેમજ માનદ- રિપોર્ટરની નિમણુંક કરવાની છે.

રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

મહેશ પટેલ - Mo.: 98249 10606


•Printer/Publisher/Owner &Editor: Mahesh N. Patel. •Printed At:-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028